આજે સૌથી વધુ જરૂર જો કોઇ હોય તો અંદરોઅંદરના માનવીય વહેવારને આત્મીય બનાવવાની. તેમાં કરૂણતા અને પ્રેમનું સિંચન કરવાની, કારણ આજે આપણી આજુબાજુ સર્વત્ર આપણે જે નિહાળીએ છીએ તેમાં એકબીજા પ્રત્યેના પ્રેમભાવ અને દયાભાવનો અભાવ જોવા મળે છે, તેને કારણે નફરત, અસહિષ્ણુતા, છળકપટ, મારધાડ, બીજાનું પડાવી લેવાની વૃત્તિ સત્તાલાલસા, આતંકવાદનું સામ્રાજ્ય આપણી આસપાસ ફેલાયેલું જોવા મળે છે. આવું થવા પાછળના કારણો શોધવાની જરૂર છે. સૌથી મોટું કારણ છે માનવીની સ્વાર્થવૃત્તિ. જો માનવી પોતાના જીવનમાં નીતિ, પ્રમાણિકતા અને શિસ્તનું આચરણ કરે તો આ બધી સમસ્યાઓનો આપમેળે અંત આવી જાય. પણ ખાટલે મોટી ખોડ એ છે કે માનવીય વ્યવહારોમાં આ ત્રણ ગુણો એટલે કે નીતિ, પ્રમાણિકતા અને શિસ્તનો અભાવ જોવા મળે છે. મનુષ્ય નામે સ્વાર્થી પ્રાણી ગણાય છે. જે પોતાના માટે સારું હોય તે જ બીજા માટે થતું હોય અને તેને માટે પણ સારું હોય તો તેનાથી સહન નથી થતું. દરેક ક્ષેત્રની જેમ અંહી પણ ગણ્યાગાંઠ્યા અપવાદો હોય શકે છે. દેશની વસ્તી કરોડની છે. તેમાંથી નીતિ, પ્રમાણિકતા અને શિસ્તનું આચરણ કરનારાઓની સંખ્યા લગભગ કરોડની આસપાસ હોય શકે. કરોડ એ કોઇ રીતે નાનીસુની સંખ્યા નથી પણ દેશની કરોડની વસ્તીની દ્રષ્ટિએ વિચારીએ તો તે ટકા કરતા પણ ઓછી થાય અને પરિણામે દેશની પ્રગતિ અવરોધાય જ. નીતિ એ માત્ર બે અક્ષરનો શબ્દ છે પણ સૌથી વધુ મહત્વ આ નીતિ વિષયક બાબતોનું છે કારણ દરેકના જીવનમાં કલાક દિવસ ડગલે ને પગલે નિતીનું આચરણ કરવું પડતું હોય છે. માનવીના તમામ સંબંધો પછી તે માતા - પિતા, પુત્ર - પુત્રી, ભાઇ - બહેન, પુત્રવધુ, દીકરા-દીકરીના સંતાનો તથા મિત્રો આ દરેકની સાથે વ્યવહાર કરતી વખતે જો નિતિનું આચરણ કરવામાં આવે તો બેડો પાર થઇ જાય પણ માનવીય જીવનમાં સૌથી અઘરૂ કામ જ આ નિતિનું આચરણ કરવાનું છે. માતા - પિતા ઘરડાં થાય એટલે પુત્ર - વહુ માટે નકામા બની જાય છે અને માતા - પિતાને કેટલાક તો વૃધ્ધાશ્રમમાં પણ મૂકી આવે છે પણ ત્યારે તેઓ એવું નથી વિચારતા કે આ જ વાતનું અનુસરણ કરીને ભવિષ્યમાં તેમના દીકરા - વહુ તેમને વૃધ્ધાશ્રમમાં મૂકવાનું કહેશે તો ત્યારે તેમની શું દશા થશે ? કારણ જેવું વાવો તેવું જ લણો એવી ગુજરાતી કહેવત એમ જ તો ન પડી હોય ને. વહુ અને દીકરી સાથેના વ્યવહારમાં આસમાન - જમીનનો ફરક જોવા મળે છે તો પૌત્ર - પૌત્રી સાથે પણ એ જ ભેદભાવ જોવા મળે છે પરિણામે બીજા એક દૂષણ ગુસ્સાનો જન્મ થાય છે અને એક વખત ગુસ્સો આવવાનો શરૂ થયો પછી તે અન્ય દૂષણોને ઘર કરવામાં મદદ કરે છે અને પરિણામે કુટુંબ આખું શાંતિથી જીવન પસાર કરવાને બદલે રોજરોજ વાંધા - વચકા અને વિખવાદને જન્મ આપે છે જે સરવાળે કુટુંબની શાંતિ હણી લે છે. કોઇને એકબીજા પ્રત્યે પ્રેમ રહેતો નથી. દરેક એકબીજાને દ્વેષભાવથી જોવા માંડે છે અને એક હર્યુંભર્યું ઘર વિતન્ડાવાદમાં ઘેરાય જાય છે. ઘણી વખત પોતાની પાસે બધું હોવા છતાં બીજાનું પડાવી લેવાની વૃત્તિ ઘર કરી જાય છે જે સર્વથા અનુચિત હોવા છતાં પોતે જે કરે છે તે જ સાચું છે એવું મન કહે છે અને તેથી એ વૃત્તિ વિનાશ તરફ લઇ જાય છે. માનવી - માનવી વચ્ચે સહિષ્ણુતાને બદલે અસહિષ્ણુતાના બીજ રોપાઇ જાય છે અને તેનું વરવું પરિણામ લાગતા - વળગતા દરેકે ભોગવવું પડે છે. રાજકારણીઓ સત્તાલાલસા માટે ગુંડાઓને રોકીને સમાજમાં એક પ્રકારનો ગભરાટ ફેલાવે છે અને સત્તા મેળવવા માટે તેઓ ગમે તેવા અધમ કૃત્યો કરતા કે કરાવતા અચકાતા નથી તો કુટુંબ પર અત્યાચાર એ પણ એક પ્રકારનો આતંકવાદ જ છે. આ તો દાખલારૂપ ઉદાહરણ છે બાકી દરેકે દરેક ક્ષેત્રમાં આ જ પરિસ્થિતિ જોવા મળે છે અને તે માટે અનેક ઉદાહરણો આપી શકાય. આ બધાનો એક જ ઉપાય છે. દરેક વ્યક્તિ પોતાના હૃદયથી એકબીજા પ્રત્યે લાગણી ,પ્રેમ અને કરુણાની નજરથી જુએ, હંમેશા એકબીજાને મદદરૂપ થવાના પ્રયત્ન કરે અને જીવનમાં નીતિ , પ્રમાણિકતા અને શિસ્તનું આચરણ કરવાની પ્રતિજ્ઞા લે અને તેનો અમલ કરે તો માનવીય જીવન એકદમ સુમધુર બની જાય. ક્યાંય કોઇ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. એકબીજા પ્રત્યે પ્રેમભાવ - દયાભાવ - કરૂણાભાવ એ જ માનવમાત્ર માટે કલ્યાણનો રસ્તો છે. હાલની કોરોના જેવી વૈશ્વિક મહામારીએ બધાને ઘરમાં પૂરી દીધા છે તેવે સમયે કૌટુંબિક સંપ જ તમારા જીવનને સરળતાથી જીવવા માટેનો માર્ગ મોકળો કરી આપશે.

- સુરેન્દ્ર રમણલાલ દલાલ

# નાદબ્રહ્મ

મનુષ્યની ઉત્પત્તિ થઇ, લગભગ ત્યાંથીજ માનવ જાતિને આવિષ્કાર રુપે એક અદ્ભૂત વસ્તુની ભેટ મળી છે, અને એ છે "સંગીત."

ગાયન,વાદન અને નૃત્ય આ ત્રણે નો સમાવેશ એટલે સંગીત. આ સંગીત આપણાં જન્મ કે એ પહેલા થીજ આપણી સાથે જોડાયેલું છે. નાનું બાળક હાલરડું સાંભળીને કેવુ શાંત નિંદર માં પોઢી જાય છે, એનું કંઈક તો કારણ હોઈ શકે ને!
આપણી સંસ્કૃતિમાં આદિકાળથીજ આપણાં પૂર્વજોએ એવી રચના કરેલી છે કે કોઈપણ તહેવાર કે શુભ પ્રસંગ ગીતસંગીત વગર અધૂરોજ હોય છે. સંગીત અને આધ્યાત્મ એ તો ભારતીય સંસ્કૃતિ ના સશક્ત આધાર છે. પ્રાચીન ગ્રંથો અનૂસાર સૃષ્ટિની ઉત્પત્તિ નાદ - ધ્વનિ થી થઇ હોવાનું માનવામાં આવે છે. બ્રહ્માંડનાં સંપૂર્ણ જડ ચેતન માં નાદ વ્યાપ્ત છે, એટલેકે.. સમગ્ર સંસાર અપ્રત્યક્ષ રીતે સંગીતમય છે!!

સંગીત એક ઇશ્વરીય વાણી છે અને એટલેજ એને બ્રહ્મસ્વરૂપ કહ્યું છે. સંગીત એ આનંદનો આવિર્ભાવ છે અને આનંદ એ ઈશ્વર સ્વરૂપ છે.

સંગીત એ ફકત મનોરંજન માટે નથી, પણ વિજ્ઞાને સાબિત કરી ચુક્યું છે કે સારું સંગીત ગાવાથી, વગાડવા થી કે સાંભળવા માત્રથી જ ઘણાં માનસિક ફાયદા થાય છે. આજના યુગમાં માનસિક તણાવ, ડીપ્રેશન એ ભયંકર સમસ્યા બની બેઠી છે. સહનશીલતા ના અભાવ ને કારણે મગજ નો તાણ વધે છે અને એ લાંબો સમય સુધી રહે તો એના પરિણામ ઘણાં ગંભીર આવતા હોય છે. આવા સમયે જો મનગમતાં સંગીત નો સહારો લેવામાં આવે તો મન આને મગજ બન્ને તરોતાજા થઇ જાય છે. ઘણી વાર જ્યારે દવાઓ કામ નથી આવતી ત્યાં 'મ્યુઝિક થેરાપી' કામ કરી જતી હોય છે. સ્વર તરંગો સંગીત રૂપે જીવનદાયી સામર્થ્ય ઉત્પન્ન કરે છે. સંગીત સાંભળવા માત્રથી મગજમાં 'ડોપામાઈન' નું સ્તર ઉંચુ જાય છે, જે ખુશી પેદા કરે છે. સામાન્ય શ્વાસ ની તકલીફમાં અને યાદ શક્તિ વધારવા માટે સંગીતનો સહારો બેશક ફાયદો કરે જ છે. વૈજ્ઞાનિકોના મત મુજબ રોજ 30 મિનિટ મ્યુઝિક સાથે જોડાએલા રહેવાથી માનવ હૃદય ની કાર્યક્ષમતામાં ઘણો વધારો થાય છે.
નૃત્ય, ગાયન કે કોઈ પણ પ્રકારનું વાધ્ય પધ્ધતિસર શીખવું, એ એક ઉપાસના છે... મન ને એકાગ્ર કરવાની અત્યંત પ્રભાવશાળી શક્તિ છે. અને આજ કારણે તો ઈશ્વર આરાધના માટે ગવાતા ભાવગીતથી મન:શાંતિ નો અનૂભવ થાય છે.

સુતા પહેલા થોડી વાર કોઈ સરસ મનગમતું સંગીત સાંભળીને સુવામાં આવે તો મગજ શાંત થઈને શાંતિ પૂર્ણ ગાઢ ઊંઘ મળી શકે છે, અને સારી ઊંઘ તો સારી તંદુરસ્તીની નિશાની છેજ!

આજના યુગનો માનવી હવે તંદુરસ્તી કિંમત બરાબર સમજતો થયો છે ત્યારે આ કુદરતના આવિષ્કાર રૂપ એવા સંગીત ને ફક્ત મનોરંજન ન સમજતા, પરમાનંદ ના ભાવ સાથે અપનાવીને મન ની અને તનની બન્ને તંદુરસ્તિ પામવાના સરળ ,સસ્તા પણ અલૌકિક આનંદ ના માર્ગના યાત્રી બનીએ...

જય શ્રી કૃષ્ણ

- સૌ.પલ્લવી શાહ, સુરત.

શક્તિ

# નારી તુ નારાયણી

નારી વસુધાની જેમ સહનશીલ, ઉત્પાદક તત્વ છે. નારીનું વાત્સલ્ય અવિનાશી છે, નારી વિશ્વને ધારણ કરનારી છે. વેદમાં નારીને કહેવાય છે કે નારી, તું પૃથ્વીને શ્રેષ્ઠ જન પ્રદાન કર પૃથ્વીનો વિસ્તાર કર પરંતુ પૃથ્વીનો વિનાશ ન કર.

ઈશ્વરે નારીનું સર્જન કર્યુ. નારીને માખણ જેવી મુલાયમ, પારિજાતની સફેદ પાંદડીઓની જેમ અને રાતરાણીની મીઠી સુવાસ જેવી સુંગધિત હૃદય આપી માતૃત્વનો અધિકાર આપ્યો છે. સ્ત્રી શકિત રૂપા છે. વખત આવે તે ચંડિકા પણ બની શકે છે. આમ સ્ત્રીની શકિત અમાપ છે, પ્રકૃતિ પણ કેવી? પ્રકૃતિને સુગંધમય બનાવવાનું કાર્ય પણ નારી જ કરી શકે છે કારણ..

યત્રઃ નાર્યસુ પુજન્તે, તત્રઃ રમન્તે દેવતાઃ।
જે નારીમાં અમાપ શકિતનો સ્ત્રોત વહે છે તે દર્શાવે છે.
ઈશ્વરના દરબારમાં મુખ્ય ખાતાઓ નારી પાસે જ છે.

(૧) ધન અને નાણું ખાતું – લક્ષ્મીજીના હાથમાં છે.
(૨) અન્ન વિભાગ–ખાન પાન વગરે અન્નપૂર્ણ દેવી પાસે છે.
(૩) શિક્ષણ વિભાગ ખાતું – માઁ સરસ્વતી દેવી પાસે છે.
(૪) શકિત અને સમર્થ ખાતું – માઁ જગદંબા પાસે છે.

નારી ધારે તો જગદંબા બની કોઈનો પણ સંહાર કરી શકે છે છતાં પુરૂષ પ્રધાન દેશમાં નારીને અબળાનું બિરૂદ આપવામાં આવે છે. મનુ સ્મૃતિમાં કહયું છે કે જયાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનું સ્થાન હોય છે.

છતાં પુરૂષપ્રધાન દેશમાં એક બાજુ માં અંબાને અને દેવીઓને ચુંદડી ઓઢાડાય છે તો બીજી બાજુ નારીની અવહેલના થાય છે. આપણી સ્ત્રી શકિતનું પ્રમાણ એટલે જ દેવીઓ.

આપણે જે ધરતી પર જન્મ લીધો છે તે ધરતી પણ માતા જ છે. પ્રકૃતિ એટલે પોષણ કરનાર માતા છે તેથી જ પ્રકૃતિ પણ આપણે જીવન જીવવા માટેની વસ્તુઓ આપે છે છતા આજનો સ્વાર્થી માનવ પ્રકૃતિની જાળવણી કરવાને બદલે પોતાની સુવિધાઓ વધારવા પ્રકૃતિનો નાશ કરે છે. જો આ પ્રકૃતિ જ નહીં હોય તો આપણને મળતી શુધ્ધ હવા કયાંથી મળશે? તેથી પ્રકૃતિ રૂપી માતાનું જતન આપણે જ કરવાનું છે. તે માટેની શકિત આપનાર કોણ છે, તો તે છે જનેતા!

તેથી જ કરહેવાય છે કે માતાઓ પોતાના સંતાનને માટે બુધ્ધિ અને કર્મોનો વિસ્તાર કરે છે.
શિક્ષિત નારીઓ એટલે આવનાર પેઢીઓનું નવનિમાર્ણ. સ્વામી દયાનંદ કહે છે કે ભારત વર્ષનો ધર્મ પુત્રોને કારણે નહીં પરંતુ પુત્રીઓના પ્રતાપે સ્થિર છે.

આજની નારીઓ પુરૂષ સમોવડી થઈ છે. શિક્ષણ ક્ષેત્રે નામના મેળવી, વિવિધ ક્ષેત્રોએ નારીઓએ નામના મેળવી છે.આમ નારી શકિતથી પરિપૂર્ણ છે.

એક એક કવિએ નારીને ''માતા'' કહી છે. માતા એટલે પ્રાર્થના, નિયતિ કે કોઈ પણ સ્ત્રી. મીતા–અટલે પૃથ્વીની છાયા. આમ મીતા એટલે દુનિયાની તમામ સ્ત્રીઓ. સ્ત્રી ભવિષ્યની આશા સમી બાળકીઓ જયારે ફુલ અને પતંગિયાથી રમતી નજરે પડે છે ત્યારે પ્રકૃતિના સાંનિધ્યનો આભાસ થાય છે.

માનવના જીંદગીના ધ્યેય એટલે પ્રેમ, સૌદર્ય કે આનંદ પરંતુ પ્રકૃતિ જીંદગીને એક નવો જ અર્થ આપે છે જે છે પોષણહાર.

માતાની પૂજામાં સર્વ દેવીઓને યાદ કરીએ છીએ તેવી જ રીતે જન્મ આપનાર માતા એટલે સ્ત્રી, જે સદાયે આવનાર સંતાનને સંભાળવાનું, જતન કરવાનું અને સુશિક્ષિત કરવાનું કર્ય કરે જ છે.

જે ધરતી પર આપણે મનુષ્યે જન્મ લીધો છે એ ધરતી પણ આપણી મા છે જેનાં સાંનિધ્યમાં આપણો વિકાસ થાય છે. જે આપણને જીવન જીવવાની સામગ્રી અપર્ણ કરી આપણું જીવન નવપલ્લવિત બનાવે છે તો આપણે પણ આપણી પ્રકૃતિની જાળવણી કરતાં શીખવું જરૂરી છે, જે આપણને પાળે છે, પોષે છે.

જે દેશમાં આપણે રહીએ છીએ એ દેશ એટલે આપણો ભારત દેશ, જેને આપણો ભારત માતાના નામથી નવાજીએ છીએ. તો આવા માતારૂપી ભારત દેશમાં આપણું આગમન થયું છે, તે ખરેખર આપણાં માટે ગૌરવવંતુ છે.

નારી એક સ્વર્ગથી આવેલ ઉપહાર છે, જેને સ્વર્ગમાં ખોવાઈ જતાં મનુષ્યને, તેની ક્ષતિપૂર્તિ માટે ઈશ્વરે આપી છે. આમ ઘર અને બહારનાં બન્ને મોરચાં સંભાળી, એક સક્ષમ નારીનો ગૌરવ પૂર્ણ ઈતિહાસ થી પ્રેરણા લઈ, આજની ભૌતિક યુગની ચકાચકથી ઘેલા બની સ્ત્રી પુરૂષને વાસ્તવિક સુખશાંતિના માર્ગ દર્શાવતા આગળ વધવાનું છે. આપણે નારીઓએ પણ ભૌતિકવાદથી દૂર રહી, માંની મહત્તા, પત્નીનું ગૌરવ, બહેનની ઉદારતા પૂર્ણ સ્નેહ અને પુત્રીના નિઃસ્વાર્થ મમત્વને સમજવાનું છે અને વાસ્તવમાં પુરુષોને આપણે સાચો પુરૂષ બનાવવાનો છે.

તેથી જ કહેવાય છે કે,
નારી નિન્દા મત કરો, નારી નર હી ખાણ
નારી સે નર હોતે હૈ, ધ્રુવ, પ્રલ્હાદ સમાન.

જેવી રીતે ઘનઘોર અંધકારને દૂર કરી સૂર્યના કિરણો ધરતી પર પ્રકાશ આપે છે, તેવી રીતે તિમિરાચ્છાદિત ઈતિહાસને દૂર કરી આજની નારી પોતાના ગૌરવ પૂર્ણ સિંહાસન પર ફરીથી બિરાજમાન થયાં છે. જેનો જશ મહર્ષિ દયાનંદ સરસ્વતી, રાજા રામમોહનરાય, સ્વામી શ્રધ્ધાનંદ જેવા મહાનુભાવોને ફાળે જાય છે.

તેથી જ તો વેદોમાં કહયું છે કે "માતૃ દેવો ભવઃ" માતા દેવ સમાન છે, જેનો જશ રાજા જનકની સભામાં ઉપસ્થિત બધા બ્રહ્મર્ષિઓને પરાસ્ત કરના ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રા જેવી વિદુષિઓને ફાળે જાય છે, જેમણે વેદ સાગરમાં ડુબકી મારી વેદનું પઠન કર્યુ હતું,

તેથી જ મહાકવિ દિનકરે કહયું છે, જેઓ હિન્દી કવિ છે.

**"मातृजतिका यह मूक वरदान,**
**नयनसे जाने वे कया अमृत पिला देती है।**
**दृष्टिमात्रसे भर देती झंकार हदय में**
**मरती हुइ शिखाको देकर स्नेह  जिला देती है।**

અર્થાતઃ
માતૃજાતિનું આ મુંગુ વરદાન
આંખોથી જાણે એ કેવું અમૃત પિવડાવે છે
દૃષ્ટિમાત્રથી ભરી દે છે ઝંકાર હદયમાં,
મરતી હોય જે શિખા, તો સ્નેહ આપી ને જીવાડી દે છે.

શકુંતલા એન. પારેખ
મુંબઈ


MILLIONAIRE'S
AVENUE
Move to what moves you
ELEGANT VICTORIAN ARCHITECTURE
CENTRALLY LOCATED
PRIVATE BALCONY WITH AGRICULTURAL VIEW
SUITABLE OFFICE SIZES
FULLY CORPORATE BUILDING
A Project By
milestone group
Harsh V. Mehta
SHREEJI DEVELOPERS

આદર

## વડીલો નું મહત્વ

વડીલો એટલે પ્રેમ હું અને લાગણી નો ખજાનો. જીવન ઘડતરનો પાયો વડીલો આપણને સંસ્કારનું સિંચન કરી જીવનનાં તરતા મૂકે છે. ધાર્મિક તેમજ સામાજીક વ્યવહારિક જ્ઞાન આપે છે. આપણું જીવન સફળ બનાવવા પોતાના જીવનના સારા નરસા અનુભવો ના દાખલા આપે છે ત્યારે આપણે તેને ઠુકરાવી એ છીએ. વળી માતાઓ જ્યારે કાર્યશીલ રહે ત્યારે બાળકો ને સાચવી બોધદાયક વાર્તાઓ કહી જ્ઞાન બક્ષે છે. યુવાવર્ગને ખોટે રસ્તે જતા અટકાવે છે.

નોકરી કરતી સ્ત્રીઓ આવ્યા જ્યારે બહાર જવાનું થાય ત્યારે વડીલો બાળકોને સાચવે છે, ઘરને વડીલો રૂપી ચામડાનું તાળું મારી જાય છે અને લોખંડના તાળા ની ઝંઝટ માંથી ઉગરી જાય છે. આમ ઘણી બધી શીખ અને મદદ તેઓ તરફથી મળે છે. વડીલો ની કિંમત આંકી શકાય તેમ નથી. પરંતુ અફસોસ છે કે આપણું બધું જ વિભક્ત કુટુંબે છીનવી લીધું છે.

આપણી આ મૂલ્યવાન સંપત્તિ અને લાગણીની ઉપેક્ષા ધરાવી વૃદ્ધાશ્રમમાં ધકેલી દેવું. શું એ આપણી શોભા છે કે લાંછન ?

**જ્યોત્સનાબેન ચોકસીના જય શ્રી કૃષ્ણ**

## શોક રાખવા બાબતે સમાજની વિચારસરણી

આજે હું ખૂબ જ સામાન્ય વાત પર ચર્ચા કરવા જઈ રહી છું ,જે મોટાભાગના લોકોને લાગુ પડે છે. આપણે ત્યાં કોઈપણ સ્વજનનું મૃત્યુ થાય ત્યારબાદ ઘરના જે લોકો હોય છે તેને એક મહિનાથી લઈને એક વર્ષ સુધી નો શોક પાળવાનો હોય છે, સ્વજન જેટલું નજીકનું એટલો એનો શોક વધારે, એવું શા માટે આજે જેણે પોતાનું સ્વજન ગુમાવ્યું છે એ તેને એક મહિનાનો કે એક વર્ષ સુધી શોક રાખવાથી ભૂલી જશે ........તો જવાબ છે **ના**, એના એ સજ્જનની બધી યાદો કદાચ જે વ્યક્તિ એ ગુમાવ્યું છે તે પોતે પોતાનો જીવ નહીં જાય ત્યાં સુધી ભૂલી શકાતું નથી. તો આ બાબતે આપણે આગળ વધવું જ રહ્યું. આ આજે શોકનો રિવાજ છે તેને કાઢી નાખવો જોઈએ અને જેણે પોતાનું સ્વજન ગુમાવી દીધું તેને થોડા જ દિવસમાં આ પરિસ્થિતિમાંથી બહારના વાતાવરણમાં લાવી એમની જે રૂટીન લાઈફ છે એમાં લાવવા પ્રોત્સાહિત કરવા જોઈએ, નહીં કે દર મહિનાની તિથિ અથવા તારીખે એ વ્યક્તિને ફોન કરીને એને યાદ કરાવવું કે આજે કેટલો સમય વીતી ગયો એટલે બિચારા જેણે પોતાનું સ્વજન ગુમાવ્યું છે તેને પાછા ભૂતકાળમાં લઈ જઈ દુઃખનો અનુભવ કરાવવો. હું એક ઉદાહરણ આપું, ત્રણ વર્ષ પહેલા એક બહેને બાર વર્ષના દીકરાને ગુમાવ્યો અને ચાર મહિના પહેલાં પોતાના પ્રિય પપ્પાને ગુમાવ્યા, તો શું એ બહેન બધાને સમય જતાં ભૂલી જશે?? ના, પણ જે તેમના ઘરના દરેક જણે અને જ્યાં જોબ કરે છે એ શાળા પરિવારે ખૂબ હિંમત આપી અને દીકરાના અવસાન બાદ એક જ અઠવાડિયામાં તેમના દૈનિક કાર્યમાં અને જોબ પર લાગીને વિચારસરણીને નવો ઓપ આપીને નવી જિંદગી ને નવો વળાંક આપ્યો અને દરેક પ્રવૃત્તિમાં એટલી બધી પ્રવૃત્તિમય રહેવા લાગ્યા છે એની યાદો સાથે આગળ અને આગળ વધી રહ્યા છે, માટે લખનારનું માનવું છે કે આ સ્વજનના મૃત્યુ બાદ નો શોક નો રિવાજ કાઢી નાખી ભગવાને જે જિંદગી આપી છે તે મુખ પર હાસ્ય રાખી અને બીજાને હાસ્ય આપી જિંદગી જીવવાની મજા માણવી એ જ આપણા સમાજનો હેતુ હોવો જોઈએ, આ ઉપરાંત સમાજમાં ચાલી આવતા અન્ય રીત રિવાજો ને તિલાંજલિ આપવા પણ ગંભીરપણે વિચારવાનો સમય આવી ગયો છે, એવું આ લખનારનું માનવું છે જેમાં આપ બધા ચોક્કસ સહમત થશો.

**લી. નીતિ કનક શાહ સુરત**

## શુધ્ધ કંકુ બનાવવાની રીત

શુધ્ધ કંકુ બનાવવા માટે એક ચમચી હળદર , બે ટીપાં ચુનાનું આછું પાણી કે ચપટી ખાવાનો સોડા અને બે ટીપાં લીંબુનો રસ ઉમેરો એટલે શુધ્ધ કંકુ તૈયાર થઈ જશે સોડાથી કદાચ કોઈને સાધારણ બળતરા થઈ શકે છે , તેથી તેને ન્યુટ્રલાઈઝ કરવા માટે બે ટીપાં દૂધ (શક્ય હોય તો ગાયનું દૂધ વધારે સારું) ઉમેરી મિશ્રણને મિશ્રણને નિર્દોષ બનાવી શકાય. તૈયાર થયેલા મિશ્રણને થાળીમાં પાથરી - ફેલાવીને સૂકવી દો. સૂકાઈ ગયા પછી ડબ્બીમાં ભરી લો. દર અઠવાડિયે તાજું બનાવી શકાય અથવા જરૂર હોય ત્યારે બનાવો અને વાપરો કે જેથી બજારમાં મળતા રસાયણ યુક્ત કંકુ કે લાલ પાઉડરથી ચામડીને થતા નુકસાનથી બચાવી શકાશે અને શુધ્ધ - સ્વચ્છ કંકુ ઘેર બેઠા બનાવી શકાશે.

---

## સંબંધો જીવનનો ભાગ, જીવનનું ધ્યેય નહિ

સ્ત્રી એ પોતે પોતાના અસ્તિત્વ અને આત્મવિશ્વાસ માટે જાગૃત રહેવું જોઈએ. સામાજિક જવાબદારી, લગ્ન, પતિ-પત્નિનો સંબંધ વગેરે જીવનનો એક ભાગ છે, જીવનનું ધ્યેય નહિ. પોતાનાં જીવનનાં લક્ષ્ય અને ખુશી માટે પોતે જવાબદાર છે. દંભી અને સ્ટ્રેસ આપતા સામાજિક સંબંધોથી દૂર રહીને અને જરૂર પડે ત્યારે 'ના' પાડતા પણ શીખવું જોઈએ. પોતાના શોખને જીવંત રાખવો અને તેના માટે સમય ફાળવવો. વાંચન કરવાથી અને સતત નવું શીખતા રહેવાથી અંદરનો ખાલી ઘડો નક્કર અને મજબૂત બનશે. જે તમને હંમેશા જીવંત રાખશે.

• અંજલિ શેઠ, શિક્ષક

---

**વ્હાલા વૈષ્ણવો ,**

**આ અંક માં કોઈ ભૂલ ચૂક થઈ હોય તો દરગુજર કરશો.**

---

**ભૂલ સુધારણા**

**સ્વપ્ન પુષ્ટિ ના પ્રથમ ઈ બુલેટિન માં છપાયેલ રકતદાન કેમ્પ વિગતમાં 8મો રકતદાન શિબિર 20મી ખડાયતા પરિષદ અને સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારે સાથે મળી ને કરેલ હતો જેની છાપવામાં ભૂલ સુધારણા અત્રે કરેલ છે.**

## માનસ વાર્તા

# ખાલી હાથ

સવારના લગભગ સાડ પાંચ થવાની તૈયારીમાં હતા. ઈલા ફ્લાઈંગ રાણીમાં પોતાની જગ્યા પર ગોઠવાઈ ગઈ હતી. ટ્રેન ઉપડવાને હજી થોડી વાર હતી. બારી પાસેની જગ્યા મળી ગઈ હતી. બારી ખુલ્લી જ હતીને ફેબ્રુઆરીની શરૂઆત હતી. ઠંડો પવન વાઈ રહ્યો હતો. વધારે ઠંડી લાગે તો પછી બારી બંધ કરીશ એમ વિચારી બારી બહાર જોવા લાગી. ત્યાં તો એની જ ઉંમરની એક સ્ત્રી હાંફળી ફાંફળી આવીને એની સામેની સીટ પર બેસી ગઈ. ઈલાએ એ તરફ નજર નાખી. બંનેની નજર મળી. ઈલાએ નજર ફેરવી લીધી ને એને ટાળવા બારી બહાર જોવા લાગી. એને લાગ્યું કે એ સ્ત્રી એના તરફ જ જોયા કરે છે. એણે સહેજ એના તરફ જોયું કે તરત જ એ બોલી..

'બેન આ બારી બંધ કરોને. બહુ ઠંડી લાગે છે.' ટ્રેન ધીમે ધીમે સુરત સ્ટેશન છોડી આગળ વધતી હતી. ઈલાએ બારી બંધ કરી. ને મનમાં જ બોલી 'લે તું કહે છે તો હવે બારી પણ બંધ કરું. આમ પણ બધું બંધ કરવા જ નીકળી છું ! ને પેલી સ્ત્રી તરફ જોયું એટલે તરત જ જાણે રાહ જ જોતી હોય તેમ ટપકી.

'ક્યાં જવાના ?'

'મુંબઈ.'

'મુંબઈમાં ક્યાં ?'

'જોગેશ્વરી, કેમ કંઈ કામ છે ?' ઈલાએ સહેજ અકળાઈને અણગમાથી પૂછ્યું પેલી ચૂપ થઈ ગઈ. ઈલાએ માથું પાછળ ટેકવ્યું ને આંખ બંધ કરી આરામથી ઉંઘવાનો પ્રયત્ન કરવા લાગી. મનમાં વિચારવા લાગી આ ફ્લાઈંગ પણ હવે લોકલ જેવી જ થઈ ગઈ છે. સ્ટેશને સ્ટેશને ઊભી રહે છે. પોતાની જિંદગીની જેમ જ તો. એમ વિચારમાં ને વિચારમાં ક્યારે ઊંઘ આવી ગઈ ખ્યાલ ન રહ્યો. હા પણ વચ વચમાં જરા આંખ ખોલી જોઈ લેતી હતી કે કેટલે પહોંચ્યાં. સબ સલામત લાગે એટલે પાછી આંખ બંધ કરી દેતી. એમ ડચકાં ખાતાં ખાતાં ખાસ્સું એવું ઊંઘી ત્યાં તો ઝાટકા સાથે ફ્લાઈંગ ઊભી રહીને ગાડીમાં પણ શોરબકોર વધી ગયો હતો. જાગીને જોયું તો બોરીવલ્લી આવી ગયું હતું. સામે બેઠેલી પેલી સ્ત્રી પોતાનો સામાન સમેટવામાં મગ્ન હતી. તેને જોઈ ઈલા વિચારવા લાગી પોતાની પાસે તો ખાલી એક પર્સને એક પ્લાસ્ટિકની થેલી સિવાય બીજો કોઈ સામાન નથી. એક સમયે એની પાસે પણ આમ જ સામાન રહેતો- ને આવ જા કરતી. આજે તો જાણે ખાલી હાથે જ હતી. આ બિસ્કીટનું બોક્ષ પણ મિસિસ નલિની પરેરાને આપી દેશે એટલે આવતી વખતે તો જાણે કશું રહેશે જ નહીં.

આ મિસિસ નલિની પરેરા એટલે એના એક સમયના પડોશી, જ્યારે એ લોકો માણેક નગરની મોતીલાલ બિલ્ડીંગમાં રહેતાં હતાં આ મિસિસ પરેરા એટલે રોહનના મમ્મી ને મી.રોબર્ટ પરેરા એના ડેડી. અંધેરી આવ્યું. ઈલા ગાડીમાંથી ઉતરી આજુબાજુ સહેજ નજર કરી. જો કે કોઈ લેવા તો આવવાનું નહોતું. પણ મનમાં ઊંડે ઊંડે એવું લાગતું હતું કે કદાચ રોહન આવ્યો હોય. એ જ ચિરપરિચિત પ્લેટફોર્મ. જોગેશ્વરી વેસ્ટમાં જવા દાદર ચઢવા માંડી. એજ પગથિયા. હા, ઘસાઈ ગયા હતાં. દાદર ચઢતાં ચઢતાં સહેજ હાંફી ગઈ. હાંફથી એને પોતાની ઉતાવળનો ખ્યાલ આવ્યો. ''શીદ આટલી ઉતાવળ કરે છે ઈલા. થોડી ધીમેથી ચઢને, કોને માટે આટલી અધીરી થઈ છે ? એણે પોતાની જાતને ઠમઠોરી. બ્રીજ ક્રોસ કરી અંધેરી વેસ્ટમાં ઉતરી પડી. મહામહેનતે રીક્ષા મળી. સહેજ ડોકી નીચી કરી આજુબાજુ જોવા લાગી નાર્કોનું બોર્ડ વાંચ્યું- કેટલું બધું અહીંથી રોહન માટે એ અને શ્યામ સુંદર ખરીદતાં હતાં ! રમકડાં- કપડાં..જૂની યાદો તાજી થઈ ગઈ..

'મેડમ જોગેશ્વરી મે કહાં જાના હૈ ?'

'સ્ટેશન કે સામને', રીક્ષાએ નાર્કોના ડિવાઈડર આગળથી જોગેશ્વરી જવા ટર્ન લીધો. ઈલા જાણે એ હવા શ્વાસમાં ભરી લેવા માંગતી હોય એમ આજુબાજુ જોતી જોતી ઊંડા શ્વાસ લેવા માંડી..

'મેડમ લો, સ્ટેશન આ ગયા..'

'અભી રાઈટમેં લે લો..વો ભોગીલાલ મીઠાઈવાલા હૈ ને ઠીક ઉસકે પાસ ખડી કરો.'

રીક્ષા ઊભી રહી. ઈલા ઉતરી પડી. પૈસા ચૂકવી દીધા. આજુબાજુ જોયું સહેજ ઊભી રહી. બાજુમાં જ ઠાકુરદ્વાર સોસાયટી હતી. ઝડપથી પગલાં ભરતી બે નંબરના ગેટમાંથી દાખલ થઈ. બિલ્ડીંગના બીજા માળે લિફ્ટ ઊભી રહી. બહાર નીકળી ત્રણ પગથિયાં ચઢી ફ્લેટ નંબર ૨૦૨ નાં બારણાં પર મી.એન્ડ મિસિસ પરેરાનું બોર્ડ ઝૂલતું હતું. ઈલાએ બેલ માર્યો.

બારણું ખુલ્યું. સામે નલિની ઊભી હતી. ઈલાને જોઈ એકદમ ઉત્સાહથી બોલી.

'આવો આવો, ઈલાબેન.' એનાં હાથમાંથી નલિનીએ પ્લાસ્ટિકની થેલી લઈ લીધી. ઈલા અંદર દાખલ થઈ.

સોફા પર મી. પરેરા બેઠા હતા. ઈલાની નજર ચારે તરફ ફરી વળી જાણે કશું શોધતી ન હોય ! એ કંઈ પૂછે તે પહેલાં જ

હાથમાંની થેલી ઈલાની પાસે મૂકતા નલિની બોલી "આ તમારી થેલી ને...રોહન જરા માર્કેટમાં ગયો છે આવતો જ હશે. તમે આવવાના હતા એટલે એ લીવ પર છે." બોલતાં બોલતાં એ અંદર ગઈ ને ઈલા માટે પાણી લઈ આવીને સામે સોફા પર બેઠી. ઈલા તરફ જોઈને બોલી.

'કેમ છો ?'

'મઝામાં.'

'સુરતમાં ઠંડી છે ?'

'હા, છે પણ એવી કંઈ જોરદાર નથી'. ત્યાં મી. પરેરાએ પૂછ્યું

'શું ખબર છે ઈલાબેન ? કેમ છે તમારો લાડલો સોહન.'

'બસ સારો છે મઝામાં છે.'

ડોરબેલ વાગ્યો. નલિનીએ બારણું ખોલ્યું. હાથમાં પ્લાસ્ટિકની થેલી લઈ રોહન અંદર દાખલ થયો. થેલી નલિનીને આપતાં કહ્યું

'લે...મોમ..'

કંઈક લેવા ગયો હતો માર્કેટમાં એવું ઈલાએ માન્યું. સોફા પર બેસતા જ ઈલા તરફ જોઈને પૂછ્યું :

'કેમ છે ઈલી ?'

'બસ બેટા મઝામાં તું કેમ છે ? બિસ્કીટનું બોક્ષ ઊભા થઈ એના હાથમાં આપતા બોલી.

આ તમારા બધાને માટે..'

'થેંક્યુ..સ..ર..સ..' જરા લંબાવીને બોલ્યો પછી નલિની તરફ જોઈ પૂછ્યું.

'ઈલીને કંઈ આપ્યું ?'

'ના, હજી પૂછતી જ હતી. ને તું આવ્યો. આમ પણ ચાનું પાણી મૂક્યું જ છે.' નલિની રસોડામાં ગઈ. થોડીવારમાં એક ટ્રેમાં ચાના બે કપ અને બિસ્કીટ લઈ પાછી આવી. વચમાનું ટેબલ સહેજ ઈલાની નજીક ખસેડ્યું. ટેબલ પરના છાપા બાજુ પર મૂક્યાં. ત્યાં તો રોહન ઊભો થયો. નલિનીના હાથમાંથી ટ્રે લઈ લીધી. એક કપ ઈલીને આપ્યું. બીજું મી. પરેરાને આપ્યું. ઈલાએ ચાનો કપ હાથમાં લીધો. એક બે ચૂસકી ભરી રોહન તરફ જોયું. એ મોબાઈલમાં વ્યસ્ત હતો. ઈલી રોહનને જોઈ થોડી ભાવુક થઈ ગઈ. એણે ધીમેથી પૂછ્યું.

'રોહન બેટા આપણે જવું છે ને ?' મોબાઈલમાંથી ડોકું ઊંચુ કર્યા વગર જ એણે જવાબ આપ્યો.

'હા, જઈએ છીએ. અહીં નજીકમાં જ જવાનું છે..'ત્યાં નલિનીબેન વચ્ચે બોલ્યાં.

'તમે લોકો જમીને જ નીકળો. રસોઈ તૈયાર જ છે. પછી તમને આવતા મોડું થાય. ને બધું ઠંડુ પડી જાય તો જમવાનું અટવાઈ જાય. બેંકવાળાના કામકાજ છે.'

રોહન નલિની પાછળ પાછળ રસોડામાં ગયો. બધાની કાચની પ્લેટ ડાયનીંગ ટેબલ પર ગોઠવી દીધી. પ્લેટ પીરસાઈ ગઈ. રોહને રસોડામાંથી બૂમ પાડી. મુંબઈના પ્રમાણમાં ફલેટ સારી એવી સગવડવાળો હતો. દીવાલનાં કબાટમાં જ ફોલ્ડિંગ ડાઈનિંગ ટેબલ હતું. ટેબલનું ટેબલ ને બારણાંનું બારણું બંધ કરો એટલે કબાટ બંધ. આમ તો આ ફલેટમાં એ ત્રણ-ચાર વાર આવી ગઈ હતી. બધા ટેબલ ફરતે ગોઠવાયાં.

પૂરી- બટાકાનું શાક, કઢી, જીરા રાઈસ, ખમણને ગુલાબજાંબુની તૈયાર પ્લેટ જોઈ ઈલી સમજી ગઈ કે આ પ્લેટ કરવામાં રોહને મદદ કરી હશે. ને એ બહાર ગુલાબજાંબુને ખમણ લેવા જ ગયો હશે. મનમાં ને મનમાં થોડી પોરસાઈ કે રોહન કેટલો ડાહ્યો ને કામગરો છે. ! બધાએ જમી લીધું. નલિની ઈલાને આગ્રહ કરતી હતી. એકાદ વાર મી. પરેરાએ પણ કહ્યું.

'ઈલાબેન, લો..ને..જે કંઈ ફાવે તે લો.'

'ના ના. આજે દોડાદોડ છે. બેંકમાં જવું છે. સાંજે પાછું સુરત જવું છે.'

'આવ્યા છો તો એકાદ દિવસ રોકાઈ જાઓ.'

'ના ના..ત્યાં સોહન પાછો એકલો છે. ફરી કોઈ વાર..'

રોહન અને ઈલા બેંકમાં જવા નીકળતાં હતાં ને રોહને ઈલીને પૂછ્યું 'ઈલી પાસબુક, ચેકબુક ને પેલું કલોઝર ફોર્મ લીધું ?'

ઈલાએ કવર રોહનને આપ્યું. રોહને જોઈ લીધું. પોતાની બેગમાં મૂક્યું. દરવાજા સુધી નલિની મૂકવા આવી. ' સારું જઈ આવો. આમ પણ ખાતામાં કોઈ ટ્રાન્ઝેકશન ન હોય, ને એમ જ આઈડલ પડેલું હોય તો...' બંને બહાર નીકળ્યાં. નલિનીએ

બારણું બંધ કર્યું. રીક્ષા કરી બંને જણા બેંક ઓફ બરોડામાં પહોંચ્યાં. કાઉન્ટર પર જઈ રોહને કહ્યું.

'મેડમ - વો એકાઉન્ટ કલોઝ કરવાના હૈ. મૈં લાસ્ટ વીકમેં આયા થા...'

'વહાં બેઠો. દસ મિનીટ ઔર ટોકન લે લો.'

બંને સામેની ખૂરશી પર બેઠાં.

ટોકન નંબર ડીસપ્લે થયો. બંને ફરી કાઉન્ટર પર ગયાં.

'કિસકા અકાઉન્ટ હૈ ? પાસબુક- ચેકબુક- સબ લાયે હો ? '

'હા, મેડમ સબ કમ્પ્લીટ હૈ. યે શ્યામસુંદર સોની ઔર ઈલા શ્યામસુંદર કા અકાઉન્ટ હૈ.'

કાઉન્ટર પરની સ્ત્રીએ કોમ્પ્યુટરમાં જોયું. ''ચેકબુક- પાસબુક સબ દે દો.'

એકાઉન્ટ ક્લોઝનો છેલ્લે પાને શેરો મારવાની નોંધ કરી. પૈસા ઉપાડવાની સૂચના લખી આપી.

આમ એ ખાતુ બંધ થયું. ખાસ લેવડદેવડ એમાં હતી પણ નહીં. બંને જણ બહાર આવ્યાં. ઈલા ફૂટપાથ પર ઉભી રહી. સામે જ 'ઓનેસ્ટ' જ્યુસ સેન્ટર હતું. ઓનેસ્ટનાં બોર્ડ તરફ જોઇ રહી.

'કેમ જ્યુસ સેન્ટરમાં જવું છે ઈલી ?'

'ના એ તો જરા.'

'ચાલ', રોહને ઈલીનો હાથ પકડ્યો. ઈલાને લાગ્યું. જાણે રોહન એને ખેંચે છે. હાથમાં એવી ઉષ્મા ન લાગી. બંને એ રસ્તો ક્રોસ કર્યો. જ્યુસ સેન્ટરમાં દાખલ થયાં.

'કયું જયુસ મંગાવું ?'

'પાઈનેપલ, હું ને તારા પાપા અહીં ઘણી વાર આવતાં'' બોલતાં બોલતાં રોહનના ચહેરા પર નજર પડી ને ઈલી જરા સંકોચાઈ ગઈ. રોહનના ચહેરા પર મૂંઝવણ હતી.

'રોહન શું છે ? તબિયત તો સારી છે ને ? કેમ આમ મૂંઝાયેલો હોય એવું લાગે છે ? કોઈ પ્રોબ્લેમ છે ? બધું બરાબર તો છે ને ! તને આ લોકો સાથે..ફાવે તો... છે... ને ? તને....કોઇ તકલીફ....'

રોહન એનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ સ્પ્રિંગની જેમ ઉછળ્યો.

'કેમ આમ પૂછે છે ? તે પણ આટલા વર્ષે ? આ તો તારે વીસ. બાવીસ વર્ષ પહેલાં વિચારવાનું હતું, જ્યારે હું પાંચ વર્ષનો હતો.. હવે શું અર્થ છે આ બધાનો ?'

'જો બેટા..એવું નથી.' એ અચાનક થયેલા હુમલાથી હેબતાઈ ગઈ.

'શું નથી ? રહેવા દે, હવે તું. મી. પરેરાને... મોમને ડેડને તમે મને આપી દીધો. તે પણ પાછો કાયદેસર. જ્યાં સુધી પડોશમાં હતાં ને હું પણ બે ઘર વચ્ચે આવ જા કરતો હતો ત્યાં સુધી તો ઠીક. પણ હવે જ્યારે પાંચ વર્ષથી તમે લોકો મુંબઈ છોડી ગયાં પછી ત્યાં તમારી હાલત જોઈ મને સતત થાય છે કે તમે મને આમ દત્તક આપી ન દીધો હોત તો આજે તમારી હાલત જુદી હોત. તમને મારો ફાયનાન્સિયલને મોરલ સપોર્ટ કેટલો બધો હોત... ફાવે કે ના ફાવે એ બધી વાતનો અર્થ નથી હવે તો આ લોકો જ મારા મોમ ને ડેડ !' બોલતાં બોલતાં એ થોડોક ભાવુક થઈ ગયો એનો એવાજ રુંધાય ગયો. એ જરા થોભ્યો પછી ફરી બોલ્યો 'તું પ્લીઝ મારી મા બનવાનો પ્રયત્ન ના કર... હું બે ટૂકડામાં વહેંચાય જાઉં છું.'

ઈલીની આંખમાં આંસુ તગતગી રહ્યાં. એણે રોહનના હાથ પર હાથ મૂક્યો. રોહને ધીમે ધીમે હાથ ખસેડી લીધો.

બંને ઘરે આવ્યાં. મી. પરેરા સોફા પર આડા પડ્યા હતા. નલિનીએ પૂછ્યું,

'કામ થઈ ગયું ? એકાઉન્ટ કલોઝ થઈ ગયું.?'

'હા એકાઉન્ટ કલોઝ થઈ ગયું.' રોહને જવાબ આપ્યો.

ઈલીએ સૂચક નજરે રોહન તરફ જોયું. રોહને નજર ફેરવી લીધી. ઈલીને લાગ્યું હજી એનો ગુસ્સો ઉતર્યો નથી.

નલિની રસોડામાંથી પાણી લાવી. ગ્લાસ ઈલાને આપતા બોલી હજી તો સવા બે થયા છે. થોડી વાર આરામ કરો. તમારે તો સાડાચારે નીકળવાનું થશે. બંને અંદરના રૂમમાં ગયાં.

બંને જૂની પાડોશણો - બેનપણીઓ - દેવકી ને યશોદા જેવી. સૂતાં સૂતાં વાતે વળગી નલિનીએ પૂછ્યું- 'રોહને કંઈ કહ્યું તમને ઈલાબેન ?'

'ના કેમ ? શું વાત છે ?'

'એની એક છોકરી સાથે વાત ચાલે છે. જોઈએ શું થાય છે? આમ તો રોહન રૂપાળો છે. 'ગ્લેક્ષોમાં સારી નોકરી છે. સારો

પગાર છે. એન્જિનિયર છે. બંને એકબીજાને ત્રણેક વર્ષથી ઓળખે છે. એક જ બિલ્ડીંગમાં નોકરી કરે છે. રોહન અઠ્ઠાવીસનો ને પેલી છોકરી છવ્વીસની છે પણ...'

'તો પછી..?'

'કંઈ નહીં. એના ડેડી કેથોલિક છે ને હું ગુજરાતી પટેલ. જો કે હવે આ બધું કોઈ જોતું નથી. અમે એના બાયોલોજીકલ પેરેન્ટ્સ નથી. આ તો મેં મારા વિચારો કહ્યાં.'

'હા, જુઓ બધું સારું જ થશે.' એને થયું હું શું બોલું ?

ચાર વાગ્યે રોહન અને ઈલા સ્ટેશને જવા નીકળ્યાં. આવજો -આવજો થયું. બંને અંધેરી સ્ટેશને આવ્યાં. 'સૂર્યનગરી ટ્રેન આવી. રોહન ઈલીને એની જગ્યાએ બેસાડી ડબ્બામાંથી નીચે ઉતરી બારી આગળ ઊભો રહ્યો. કાચની બારી બંધ જ હતી. એણે બારી ખોલવા પ્રયત્ન કર્યો. બારી ખુલી નહીં. રોહન ચોખ્ખો દેખાતો ન્હોતો. ગાડી ઉપડી. એની આકૃતિ જાણે ધૂંધળી દેખાતી હતી. એકબીજા તરફ હાથ હલાવ્યો. બેની વચ્ચે પેલી બંધ બારીનો કાચ આવી ગયો. ગાડી ધીમે ધીમે આગળ વધી ને રોહન પાછળ રહી ગયો...

જેમ તેમ જાતને સંભાળી ઈલા સુરત આવવાની રાહ જોવા લાગી. બારીના કાચમાંથી દેખાતી રોહનની ધૂંધળી આકૃતિ એને દેખાયા કરતી હતી. રોહનની વાત એને બરાબર કાળજે લાગી હતી. એ પોતાની જાતને કોસતી હતી. પતિ પરમેશ્વર માની શ્યામસુંદરની વાતમાં આવી ગઈ. ને ચૂપ રહી. તે દિવસે ચૂપ રહી તેની સજા જાણે આજે મળી. વર્ષો પહેલાનાં દિવસો યાદ આવી ગયા. રોહનને રોજ રોજ નલિની અને મી. પરેરાનું નવું નવું કંઈને કંઈ અપાવું. રોહનનું નલિનીના બાળમંદિરમાં જવું, નલિનીનું રોહનને રોજ નવું નવું શીખવવું. રોહનનું બે ઘર વચ્ચે રમવું ને રોહનને આઈસ્ક્રીમ ચોકલેટ અપાવવું, એમનું નિઃસંતાન હોવું અને મી. પરેરાની શ્યામસુંદર પાસે રોહનની દત્તક લેવાની વાત કરવી, શ્યામસુંદરે લાંબુ વિચારી આપણાં કરતાં એમની પાસે વધારે સારી રીતે ઉછરશે, ભણાવશે. કેરળમાં મી.પરેરાના રબરનાં ખેતરો હતાં, આર્થિક રીતે એમના કરતાં સધ્ધર હતા. આમ એને શ્યામસુંદરે સમજાવી હતી. તે બધું એક ચિત્રપટની જેમ દેખાવા લાગ્યું. જાણે કાલે જ બધું જ બન્યું હોય. આજે એને એકલીને આ દિવસ જોવાનો આવ્યો. હાય... અફસોસ... એનો મૂંઝારો વધી ગયો તે દિવસે વિચાર્યું હોત... સ્વતંત્ર રીતે... તો આજે આ દિવસ જોવાનો વારો ન આવત...જેમ...તેમ જાતને સંભાળી. ગળે જાણે ડૂચરો બાઝ્યો હોય એવું લાગ્યું !

★ ★ ★

સુરત આવ્યું. પ્લેટફોર્મની બહાર નીકળી રીક્ષા કરી ઘરે આવી. બારણે તાળું હતું. સોહન આવ્યો નહોતો. આશરે સાડાઆઠ થયા હતા. શ્યામસુંદરના ફોટા તરફ નજર કરી. સોહન આવ્યો ને હાથમાં ચાવી ઝૂલાવતો ઈલી તરફ નજર નાંખતા કેમ ખાતું બંધ કરી આવી ?

'હા, બંધ કરી આવી. એક જોડાણ હતું તે પૂરું થયું. બધી રીતે હવે'

'શું ? શું કહે છે ? શું પૂરું થયું ?'

'કંઈ નહીં. સોહન જમવાનું શું કરવાનું છે ?' એને લાગ્યું કે સોહન ખૂબ ખુશ છે.

'જે કરવું હોય તે કર.'' ''મને ખાસ ભૂખ નથી.'

'કેમ ? કંઈ બહાર ખાઈને આવ્યો છે.'

'એમ જ.'

'અરે તારા ઈન્ટરવ્યુનું શું થયું ? આજે બપોરે ઈન્ટરવ્યુ હતો ને ! '

'કંઈ નહીં. સિલેકશન ન થયું. કોઈ એલજીવીજી વાળાને લીધો.'

'ચિંતા ના કર. બીજી નોકરી મળશે.'

'હું કંઈ ચિંતા નથી કરતો ને મારે હવે નોકરી શોધવાની જરૂર પણ નથી. મારું બધું નક્કી થઈ ગયું છે.'

'એટલે ? શું નક્કી થઈ ગયું ?'

'મારી એક ફ્રેન્ડ છે. રીના. રઈસ બાપની એકની એક બેટી છે. હાર્ડવેરનો બિઝનેસ છે. એને માટે એના ફાધર છોકરો શોધે છે. જે એના બિઝનેસમાં મદદરૂપ થાય ને એનો બિઝનેસ સંભાળે, હું ઈન્ટરવ્યુ આપી આપીને થાકી ગયો છું. મેં એને હા, પાડી દીધી છે.'

સરસ, તો આપણે તારા એની સાથે લગ્ન કરીએ. એને મને મળવા લઈ આવ. એ ઉત્સાહમાં બોલી પડી પછી ઉમેર્યું. 'મારી પણ એકલતા દૂર થશે. મને ઘરમાં કંપની મળશે. તારા પપ્પા ગયા પછી હું તો સાવ એકલી...'

'હા, પણ એમની એક શરત છે.'

'શું ?'

'મારે એમને ત્યાં ઘરજમાઈ થઈને જવાનું ને રહેવાનું છે ને મે એ શરત સ્વીકારી હા પાડી છે.' ઈલીના હાથમાંનું ગ્લાસ ધમ..કરીને નીચે પડી ગયું. ગબડીને કબાટ નીચે જતું રહ્યું. ઈલી કાપો તો લોહી ના નીકળે એવી ફીક્કી પડી ગઈ...

ઈલાએ શ્યામ સુંદરના ફોટા તરફ નજર કરી. જાણે કહેતી હતી જોયું ? બબ્બે છોકરાઓ રામ- લક્ષ્મણ જેવા. બે રૂપાળા છોકરાઓની મા- છતે છોકરે હું જાણે નિઃસંતાન ને વાંઝણી, એના સંતાપનો કોઇ પાર ન્હોતો. જાણે શ્વાસ રૂધાંવા લાગ્યો. રડમસ થઇ. એની વ્યથાનો કોઈ પાર નહોતો. મન એનું ખિન્ન થઈ ગયું. પોતાની બંને હથેલી તરફ જોવા લાગી. જાણે મારા હાથ તો ખાલીને ખાલી જ....

– સ્વાતિ મહેતા

## Book Review

Book ReviewDie emptyThe most beautiful book to read is "Die Empty" by Todd Henry.The author was inspired and got this idea of writing this book while attending a business meeting. When the director asked the audience: "Where is the richest land in the world?"

One of the audience answered: "Oil-rich Gulf states." Another added: "Diamond mines in Africa."Then the director said: "No it is the cemetery. Yes, it is the richest land in the world, because millions of people have departed/died and they carried many valuable ideas that did not come to light nor benefit others. It is all in the cemetery where they are buried."

Inspired by this answer, Todd Henry wrote his book, "Die empty.

The most beautiful of what he said in his book is: "Do not go to your grave and carry inside you the best that you have. Always choose to die empty.

The TRUE meaning of this expression, is to die empty of all the goodness that is within you. Deliver it to the world, before you leave.

If you have an idea perform it.

If you have knowledge give it out.

If you have a goal achieve it.

Love, share and distribute, do not keep it inside.

Let's begin to give. Remove and spread every atom of goodness inside us.

Start the race.




Let us Die Empty.

Shardul shah

# DISTRUBUTORS
(Sou. Guj.)

## VILLA DECOR

THINKING BEYOND BUILDING

BISON PANEL
PLAIN - DESIGNER - PRELAM

RAMCO HICEM

RAMCO HILUX
CALCIUM SILICATE Dry Walls & Ceilings

cello BUBBLE GUARD BOARD

JK LAKSHMIPLAST
GYPSUM PLASTER

V-Board
A TRIPLE ADVANTAGE BOARD

JK WALL PUTTY
THE PERFECT PUTTY FOR INTERIORS & EXTERIORS
White Cement based Putty

JK WHITE CEMENT
THE PERFECT WHITE

Office : 114 - 115, Parle Point Place, Opp. Corporation Bank,
Ghod dod Road, Parle Point, Surat-7, Phone : (0261) 225 4700, 225 7400
E-mail : villadecorindia@yahoo.com Website : www.villadecor.co.in

# વીતેલા જમાના નું સુરત નું વૈષ્ણવ નું એક સફળ સાહસ

શ્રી રતિલાલ નાણાવટી



મસ્તાન નામના ક્રૂડ ઓઇલ એન્જિન તથા સાગર નામના સેન્ટ્રીફ્યુગલ પંપીંગ સેટ

પેઢી ની સ્થાપના 1920

વિશેષતા સન 1932 અંગ્રેજી હુકૂમત દરમિયાન સંભવતઃ હિન્દુસ્તાનમાં મુંબઈ ઈલાકામાં સૌપ્રથમવાર સંપૂર્ણ સ્વદેશી ક્રૂડ ઓઇલ એન્જિનો બનાવવાનો શ્રેય

## પ્રોડક્ટની મહત્તા

અંગ્રેજી હુકૂમત ના જુના સમયગાળા દરમિયાન ક્રૂડ ઓઇલ એન્જિનો સાંચા કામોમાં, મશીનરીઓ ચલાવવા તથા ખેતી માટે પાણીની સિંચાઇના કામો માં ઘણી અગત્યતા ધરાવતા હતા કારણ કે ત્યારે વીજળી ગામડે ગામડે પહોંચી ન હતી. દેશ નો મોટો હિસ્સો વીજળી વિના હતો ત્યારે સિંચાઈ ના કાર્યો તથા અનેક મશીનરી ચલાવવા ક્રૂડ ઓઇલ એન્જિન ઉપર આધાર રહેતો. આ સમયગાળા દરમિયાન આ મશીનો સંપૂર્ણપણે વિદેશથી આયાત કરવામાં આવતા હતા, જેની રચના ટેકનિકલી અટપટી, અઘરી હોવાથી દેશના અભણ મજૂરો અને ખેડૂતો માટે ચલાવવા અને જાળવણી કરવામાં અઘરા નિવડતા અને જાળવણી ખર્ચાળ બની હતી. તેવા સમયે શેઠ શ્રી રતિલાલ એ સંપૂર્ણ સ્વદેશી, સાદા, સરળ અને આંટીઘૂટી વગરના મસ્તાન ક્રૂડ ઓઇલ એન્જિન બનાવ્યા જેનાથી ખેતી અને ખેડૂતોને ઘણો ફાયદો પહોંચ્યો હતો.

## સાહસ સંબંધી વિગતો

અંગ્રેજી હુકૂમત દરમિયાન સાંચા કામો, ઉધોગો અને ખેતીમાં અગત્યતા ધરાવતા ક્રૂડ ઓઇલ એન્જિનો સંપૂર્ણપણે આયાત થતા હોય તેવા સમયે આ એન્જિનો હિંદમાં બનાવવા અંગ્રેજ સરકાર તરફથી કોઇ પ્રોત્સાહન પ્રાપ્ત થતું નહોતું, તેવા સમયે તિલક મેદાન, સુરત મુકામે આવેલી એન્જિનિયરિંગ પેઢી ધી નેશનલ મોટર એન્ડ એન્જિનિયરિંગ વર્ક્સના માલિક સ્વ. શેઠ શ્રી રતિલાલ ત્રિભુવનદાસ નાણાવટીએ પોતાના ખર્ચે અને જોખમે ચારથી પાંચ વર્ષના અથાક પ્રયત્નો અને મહેનત ના પ્રતાપે "મસ્તાન" નામના ક્રૂડ ઓઇલ એન્જિનો પરદેશના સુસ્થાપિત અને પ્રખ્યાત કારખાનાવાળાઓની હરીફાઈમાં બનાવ્યા અને સફળ થયા. તે સમયે મદદરૂપ પાયાના ઉધોગો પણ વિકસ્યાં ન હતા. અંગ્રેજ હુકુમત પાસે સહાયની આશા પણ ન રાખી શકાય. સંશોધનો અને વિકાસ માટે ભારે મૂડીની જરૂર પડે તેવા સમયે ગુજરાતી ભારતીય દ્વારા કરવામાં આવેલું આ સાહસ એ ઘણી મોટી બાબત ગણાય. આ પ્રકારનું સાહસ સમસ્ત હિંદમાં તે સમયાનુસાર તદન નવું હતું. આખા હિંદ ખાતે આવા ક્રૂડ એન્જિનો બનાવવા બે-ચાર જગ્યાએ છુટ્ટા છવાયા પ્રયત્નો થયા હતા, જેમાં સુરતની એન્જિનિયરિંગ પેઢી ધી નેશનલ મોટર એન્જિનિયરિંગ વર્ક્સના માલિક સ્વ. શ્રી રતિલાલ પોતાની કુનેહ, અનુભવ અને સખત પરિશ્રમનો સંપૂર્ણ ઉપયોગ કરીને આ નવા સાહસ માં સફળતા મળી હતી. તે સમયે સંપૂર્ણ સ્વદેશી ક્રૂડ ઓઇલ એન્જિન બનાવવું તે એક

મહત્વની ઘટના બની ગઈ હતી. દેશી મસ્તાન ક્રૂડ ઓઇલ એન્જિન ના ઉપયોગ થી સુરત વડોદરા આજુબાજુના ઇલાકામાં આવેલા ગામોના ખેડૂતોએ ભરપૂર લાભ ઉઠાવી ખેતીને સમૃદ્ધ કરી હતી અને ખેડૂતો સમૃદ્ધિને વળ્યા હતા. સમૃદ્ધિના મૂળ સાધન સમાન ગણી "મસ્તાન એન્જિનો" આજે પણ ખેડૂતોએ પૂજા અર્થે રાખ્યા છે તે સમયે આખા હિન્દ માં છુટા છવાયા બે-ચાર પ્રયત્નો ક્રૂડ ઓઇલ એન્જીન બનાવવા થયા તેમાં સુરત શહેર અને ગુજરાત રાજ્ય તે સમયે મુંબઇ ઇલાકામાં, થયેલ પ્રથમ સફળ સાહસ હતું. જેનું તમામ શ્રેય સ્વ. શ્રી રતિલાલ નાણાવટી ને ફાળે જાય છે.

સન 1937 માં સુરત ખાતે યોજાયેલ સુરત ટ્રેડ એન્ડ એગ્રીકલ્ચરલ એક્ઝિબિશનમાં ધી નેશનલ મોટર એન્જિનિયરિંગ વર્ક્સના માલિક નાણાવટી ને આ સાહસ અને સિદ્ધિ બદલ ગોલ્ડ મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા હતા અને મેરીટ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

## મુંબઈ ઈલાકાના ઉધોગ ખાતાના વડા ડાયરેક્ટર ઓફ ઇન્ડસ્ટ્રીઝ અધિકારી શ્રી પી.બી અડવાણીનો અભિપ્રાય

શ્રી પીબી અડવાની સને 1937 માં માર્ચ માસમાં ટ્રેડ ને એગ્રીકલ્ચર એક્ઝિબિશન ના ઉદ્ઘાટન પ્રસંગે મુંબઈથી પધાર્યા હતા ત્યારે તેમને નેશનલ મોટર એન્જિનિયરિંગ વર્કસ પેઢીના કારખાનાની મુલાકાત કરી હતી. તેમને આવો અભિપ્રાય આપ્યો હતો - સુરતના ધી નેશનલ મોટર એન્ડ એન્જિનિયરિંગ વર્કસ ની મુલાકાત લેતા મને ઘણો આનંદ થયો હતો. આ ફેકટરીમાં ક્રૂડ ઓઇલ એન્જિન બનાવવામાં આવે છે એ જોઈને મને ઘણો હર્ષ થયો હતો. આ કેવળ સુરત જિલ્લામાં જ નહીં પણ હિન્દ સમસ્ત માં એક નવીન સાહસ છે. આપણી ઉધોગિક ઉન્નતિ માટે પાવર પ્લાન્ટ અને ઔધોગિક સાંચા કામ હિંદમાં જ તૈયાર કરવાની આવશ્યકતા છે. આથી ધ નેશનલ વોટર એન્ડ એન્જિનિયરિંગ વર્કસ ને તેમના આ સાહસમાં બનતું સઘળું પ્રોત્સાહન અને સહાય મળવા જોઈએ એમ હું માનું છું. તેમના વર્કશોપમાં તૈયાર થયેલું એક એન્જિન એક્ઝિબિશનમાં મેં તેમના સ્ટોલમાં ચાલતું જોયું હતું. આ વર્ષમાં બનેલા એન્જિનો ની બાંધણી સંગીન અને મજબૂત હોઈ તેની બનાવટ પણ ઉત્તમ છે. તેના માલિકોને સંપૂર્ણ સફળતા ઇચ્છું છું.

## સુરતના અગ્રણી દૈનિક પત્ર ગુજરાત માંથી

'આ પ્રદર્શન અંગે બે વસ્તુ સૌથી વિશેષ ધ્યાન ખેંચે છે એક તો એ અંગે ખાસ આપવામાં આવેલું વોટરવર્કસ અને બીજી સુરત ઇલેક્ટ્રિક કંપની નો સૌથી વિશેષ આકર્ષક સ્ટોલ. આ પ્રદર્શન અંગે પાણી પૂરું પાડવા માટે ખાસ નાનકડું મોડેલ તૈયાર કરવામાં આવ્યું છે અને તે સુરતના દિનેશ લાલ મોટર એન્જિનિયરિંગ વર્ક્સ તરફથી તેના માલિક મિસ્ટર રતિલાલ સ્થાપ્યું છે એમાં આ વર્ષમાં તૈયાર થયેલા મસ્તાન એન્જિનથી જ કૂવામાંથી પાણી ખેંચવામાં આવે છે અને તે ટાંકીમાં ચડાવી ત્યાંથી નળ વાટે સર્વત્ર પૂરું પાડવામાં આવે છે.

'સાથે લખાણમાં 'કોઈ પણ દેશની સમૃદ્ધિ તેના હુન્નર ઉધોગ પર અવલંબે છે એ નિર્વિવાદ છે. હાલના મશીનરીના જમાનામાં કોઈ પણ દેશને પોતાની સમૃદ્ધિ વધારી દુનિયા ના આગેવાન દેશોમાં પોતાનું સ્થાન મેળવવું હોય તો પરદેશો પર આધાર રાખવાની સ્થિતિમાંથી જેમ બને તેમ

મુક્ત રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. હિન્દુસ્તાની સ્થિતિ આ બાબતમાં કેવી છે તે કહેવાની જરૂર નથી. કેમકે તે સર્વને સુવિદિત છે. પરંતુ સારે નસીબે સ્થિતિ દૂર કરવાની જરૂરિયાત હવે સમજાઈ છે એટલું જ નહીં પરંતુ તે માટે સફળ પ્રયત્નો પણ શરૂ થયા છે.

"આવા સાંચ કામોમાં ક્રૂડ ઓઇલ એન્જિન અગત્યનું સ્થાન ધરાવે છે અને તેની ખપત આપણા દેશમાં પુષ્કળ પ્રમાણમાં છે અને સર્વાંશે આપણા દેશને તે માટે પરદેશો પર જ આધાર રાખવો પડયો છે. માત્ર છેલ્લા થોડા વર્ષથી આખા હિન્દ ખાતે માત્ર બે-ચાર જગ્યાએ આ બનાવવાના છુટા છવાયા પ્રયત્નો થયા છે અને એ નવા સાહસ ને કંઈક સફળતા પણ મળી છે. પરંતુ હજી પણ મોટા એન્જિનો માટે તો કોઈ પ્રયત્નો થયેલા જાણમાં નથી મતલબ કે આ સાહસ હિંદમાં તદ્દન નવું છે અને એ સાહસની સફળતાથી હિંદને મોટો લાભ થશે એ દેખીતું છે. આપણા સુરત શહેરમાં એવું સાહસ અત્રેની એક જાણીતી એન્જિનિયરિંગ પેઢીએ આજથી પાંચ છ વર્ષ પર પ્રથમ ઉપાડ્યું અને આ શહેરને એ ગર્વ લેવા જેવી બીના છે કે તેમાં એ પેઢીને સારી સફળતા મળી છે. એ પેઢી તે તિલક મેદાન પાસેની ધી નેશનલ એન્જીનીયરીંગ વર્ક કે જ્યાં 'મસ્તાન' નામના ક્રૂડ ઓઇલ એન્જિનો સર્વાંગે કારખાનામાં હવે બનાવવામાં આવે છે. આ એન્જિનો સફળ નીવડ્યા છે એટલું જ નહીં પરંતુ પરદેશના ધીંગા કારખાનાવાળા ઓ ની હરીફાઈમાં સરસાઇ મેળવવાનો દાવો કરી શકે છે.

## આ સાહસ માટે પ્રેરકબળ પુરવાર થયેલ બનાવ

આ ક્રૂડ ઓઇલ એન્જીન બનાવવા પ્રયાસ ની પાછળ રસિક ઇતિહાસ છે અંગ્રેજી હુકુમતના તે જમાનામાં શ્રી રતિલાલ નાણાવટી પાસે જર્મન કંપની ના એન્જિન ની એજન્સી હતી એક વાર એવું બન્યું કે કંપનીના ઇન્સપેક્શન દરમિયાન જર્મન એન્જિનિયર સિગારેટ મંગાવી અને આગ્રહ રાખ્યો કે તે જર્મન કંપનીની હોવી જોઇએ કારણ પૂછતા જર્મન એન્જિનિયર જણાવ્યું કે હું એક સિગારેટ મંગાવો તો મારા દેશ માંથી બીજી બે આવે આમ નિકાસ વધતાં મારા દેશને જ ફાયદો થાય. સમજદાર ને ટકોરો બસ છે, એ ન્યાય શ્રી રતિલાલ ભાઈ પણ તરત વિચારવા લાગ્યા કે વાત તદ્દન સાચી છે અને કહ્યું કે તો પછી હું પણ શા માટે તમારા દેશમાં બનેલા એન્જિનો મારા દેશમાં વેચું ? મારા દેશ માટે હવે હું જ એન્જિન બનાવીશ. જર્મન એન્જિનિયરે તેમને સમજાવ્યું કે આ વાત કહેવી સહેલી છે બાકી હકીકતમાં કરવી ખુબ જ અઘરી છે. પૈસે ટકે અને કુટુંબથી ખુવાર થઈ જવાશે અને સફળતા ન મળી તો ગાન્ડા થઈ જશો. તેમને મક્કમતાથી જવાબ આપ્યો કે જે થાય તે હવે નક્કી કરી લીધું છે દેશ માટે હવે હું પોતે જ એન્જિન બનાવીશ. આમ ધીકતી કમાણી આપતી એજંસી પાછી આપી દીધી અને સ્વદેશી એન્જિન બનાવવાનો જાણે કે ભેખ લીધો. તેઓ કામમાં લાગી ગયા અને અથાગ મહેનત અને પ્રયત્નો ના પ્રતાપે નવા સાહસમાં સફળતાને વર્યા.

## સ્વ શ્રી રતિલાલ નાણાવટી વિશે થોડું

મૂળ વલસાડના વણિક કુટુંબમાં 1896માં જન્મેલા. ત્રણ ધોરણ સુધીનું શાળાનું શિક્ષણ મેળવ્યું હતું જોકે ગુજરાતી મરાઠી સંસ્કૃત હિન્દી અને અંગ્રેજી ભાષાઓનું જ્ઞાન સ્વ અભ્યાસથી પ્રાપ્ત કર્યું હતું. 15 વર્ષની કુમળી વયે રેલવેના પરેલના કારખાના માં જોડાયા. એમની સફળતા ની મુખ્ય ચાવી તો

એમને શરૂઆતના વર્ષોમાં બાહોશ યુરોપિયન અને હિન્દી એન્જિનિયરોની દેખરેખ નીચે કામ કરવાની તક મળી તેમાં છે. માત્ર દોઢ આના ના રોજથી પણ એ વણિક યુવકે કામ કર્યું. પરંતુ પોતાને સાંજના છેડે માત્ર છ પૈસા જ મળવાના છે એ ખ્યાલ કામ કરતી વખતે તેમણે મનમાં રાખ્યો ન હતો. પરિણામ એ આવ્યું કે ટૂંકી મુદતમાં જ ખાતાના વડાઓની નજર એમના પર ઠરી. અને યુરોપિયન મા યોજના સમય દરમિયાન જ્યારે bbc આઈ રેલવેના પરેલના જાણીતા કારખાના નો ઉપયોગ લડાઇ માટેના તેલ વગેરે બનાવવા માટે થતો હતો તે વખતે તેમણે એક કારખાનામાં દાખવેલી પોતાની બાહોશી અને કાર્યક્ષમતા ના પ્રતાપે ટૂંક સમયમાં ખાતાના સુપરવાઇઝરની જોખમ દાર પદવી મેળવેલી. એ પછી તુરત જ એડનમાં રનીંગ શેડ ફોર મેન તરીકે માસિક રૂપિયા □ □ □ ના પગારથી તેમની નિમણૂક થઇ હતી પરંતુ કૌટુંબિક સંજોગોને કારણે ત્યાં જવાનો વિચાર માંડી વાળ્યો પડેલો.

રેલવેના કારખાનાની નોકરીમાં હતા ત્યારથી જ તેમનો વિચાર સ્વતંત્ર ધંધા માટે હતો. તેથી 1920માં રેલવેના પરેલના કારખાનામાંથી જૂની મશીનરીઓ ખરીદી સુરત મુકામે ગાંધી નેશનલ એન્જીનીયરીંગ વર્ક્સ નામનું મિકેનિકલ વર્કશોપ અને ફાઉન્ડ્રી સાથે ના કારખાના ની શરૂઆત ઘણી જૂજ મૂડીથી કરી હતી. શરૂઆતમાં તેઓ એ જરી કસબ માટેના મશીનો બનાવી એ ઉધોગમાં પણ ક્રાંતિ આણી હતી. મોટર રીપેરીંગ, ટેક્સટાઇલ મશીનરી ના સ્પેરપાર્ટ ઉત્પાદન તેમજ રીપેરીંગનું કામ ઉપરાંત જર્મન ઇંગલિશ મશીનરી અને સ્પેરપાર્ટસ ની એજન્સી તેમણે મેળવી હતી. આ કારખાનું વખત જતા સુરતના એક મોટા ધંધાકીય એકમ માં પરિવર્તિત થયું હતું. આ ધંધો કેટલો વિકસ્યો તેનું એક ઉદાહરણ પૂરતું છે કે તે જમાનામાં સુરતના રસ્તાઓ ઉપર 15 થી 20 ફૂટના અંતરે ઇલેક્ટ્રિસિટી કંપની લિમિટેડ ના લાઇટ ના થાંભલા અને મ્યુનિસિપલ ગટરના ઢાંકણા જોવા મળતા તે બધા જ નેશનલ માં બનેલા હતા. ગાંધી બાગ ની રેલીંગ અને બાંકડા ની ફ્રેમો આ જ કારખાનામાં કાઢવામાં આવ્યા હતા. સમયે ધી સુરત ઇલેક્ટ્રિસિટી કમ્પની લિમિટેડ પોતાની તમામ પ્રકારની એન્જિનિયરિંગ જરૂરિયાતો માટે સંપૂર્ણપણે આ કારખાના ઉપર આધાર રાખતી હતી. સમસ્ત વિસ્તારમાં આ પેઢી ની ઓળખ નેશનલ ના ટુંકા નામે પ્રચલિત થઇ હતી નેશનલ માં બનેલી કોઈપણ વસ્તુ કે નેશનલ દ્વારા થયેલું કોઈપણ કામ મજબૂત, ટકાઉ, ભરોસાપાત્ર તથા વ્યાજબી કિંમતના ગણાતા.

એકવાર સુરત ઇલેક્ટ્રિસિટી કમ્પની ના મશીનો થી આયાત થયા હતા. જેને ફીટ કરવા અંગ્રેજી એન્જિનિયરો આવ્યા હતા. તેમનાથી મશીનો ચાલુ ન થતા પડોશમાંથી પ્રેક્ટીકલ એન્જિનિયર તરીકે શ્રી રતિલાલ ને બોલાવતા એમને થોડીક જ વારમાં મશીનો ચાલુ કરી આપ્યા હતા. પરિણામે ધી સુરત ઇલેક્ટ્રિસિટી કંપની લિમિટેડ માં અંગ્રેજ વહીવટકર્તા શ્રી બ્રાઉન સાહેબ અને શ્રી રતિલાલ નાણાવટી વચ્ચે સારો ઘેરાબો રહ્યો હતો.

ત્યારબાદ તેમણે સંપૂર્ણ દેશી બનાવટના ક્રૂડ ઓઇલ એન્જિન બનાવ્યા. જે બનાવવા દેશમાં બે-ચાર જગ્યાએ છુટા છવાયા પ્રયત્નો થયા તેમાંનું એક સફળ પ્રયત્ન હતો. તે જમાનામાં આ એક ઘણું

મોટું સાહસ હતું. તેઓ વરાછા મુકામે આવેલ સિદ્ધકુટીર આશ્રમના શ્રી પરમહંસ દેવને અવધૂતના અનન્ય અને ગુરુ સમર્પિત શિષ્ય હતા. સાહસમાં તેમના આશીર્વાદથી જ સફળતા મળી હોવાનું તેઓ દૃઢપણે માનતા હતા. આ સાહસ ભર્યા કાર્યમાં એમના ધર્મપરાયણ પત્ની બચુ બેન રતિલાલ નાણાવટી એ કોઈપણ ખચકાટ વગર પોતાનું સ્ત્રીધન તેમને સોંપી દીધું હતું.

તેઓનું અવસાન બીમારીના કારણે સન 1941 માં થયું હતું. બીમારીના છેલ્લા સમય દરમિયાન તેઓને હિતેચ્છુઓ સલાહ આપી હતી કે કારખાના મિલકતોનું ટ્રસ્ટ બનાવ્યું જેથી બચુ બેનને જીવનનિર્વાહ માટે ટ્રસ્ટમાંથી નાણાં મળતા રહે. ત્યારે તેમણે કહ્યું હતું કે મારી પત્ની ટ્રસ્ટીઓ પાસે ઘર ચલાવવા પૈસા મેળવવા ભીખ માંગશે નહીં. મારા બાદ કારખાના નો વહીવટ તે જ સંભાળશે. ત્યારબાદ તેમની ઇચ્છા અનુસાર તેમના કારખાના નો વહીવટ બે નાની બાળકીઓ ની જવાબદારી સાથે વિધવા થયેલ તેમના ધર્મ પત્ની ઓછું ભણ્યા હોવા છતાં સ્વતંત્ર અને એકલા હાથે સફળતાપૂર્વક 1969 સુધી સંચાલન કર્યું હતું. એક સ્ત્રી એન્જિનિયરિંગ પેઢીનો એકલા 28 વર્ષોસુધી સફળતાપૂર્વક વહીવટ ચલાવ્યો હોય તેઓ પોતાનો એક માત્ર વિરલ પ્રસંગ કહેવાય. અગત્યની હકીકત એ છે કે સન 1941 માં પુરુષપ્રધાન સમાજમાં સ્વ રતિલાલભાઈ તેમના પત્ની માં રહેલી સ્ત્રી શક્તિને ઓળખી તેમનામાં વિશ્વાસ દર્શાવ્યો તે છે. સ્વ શ્રી રતિલાલ ભાઈ ને તેમના અપરણિત મોટાભાઈ સ્વ શ્રી નાનુભાઈ ઓળખે ઉત્તમ રામ ભાઈ તરફથી હંમેશા સંપૂર્ણ સાથ હિંમત અને ટેકનિકલ ના મળતા રહ્યા હતા




SHREEJI STEEL
TRADERS P. LTD.

Br. Off.: Plot No. 5419. Near Water Tank, G.I.D.C. Sachin - 394 230. SURAT
Ph.: 0261 - 2397690, 2397691 Fax: 0261-2397519

Vijay Mehta - Cell : 9825139444

JAWHAR ROAD NO. 1,
UDHNA UDYOG NAGAR,
UDHNA - 394 210, SURAT.
PH.: 0261-2277149, 2278481
FAX NO.: 0261-2279471
E-mail : shreeji_steels@yahooco.in
E-mail : shreejisteltraders@gmail.com
IRON & STEEL MERCHANTS
STOCKIST & SUPPLIERS




Authorised Dealer of TATA MOTORS

Shreeji AUTOMART

Shreeji House, Opp. Big bazzar, Piplod, Surat. Mo. 8980007658

Opp. Adinath Marble, Ten GIDC, Near Nandida Chokdi,
Surat - Bardoli Road, Bardoli. Mo. 89800 07625

YAMAHA



PARIKH BIKES PVT. LTD.

**Parikh Bikes Pvt. Ltd.**

2, Deepkamal Commercial Hub,
Nr. Varachha Natural Park,
Nr. Sai Baba Temple, Sarthana Jakat Naka,
Varachha Road, Surat - 395 006.
Tel. No. : 0261-2574600/01, Help Line : 8980966966
E-mail : parikh.bikes@yahoo.com

# સુરતના વૈષ્ણવો ની ઐતિહાસિક યશોગાથા

## શ્રી આત્મારામ ભૂખણદાસનું કુટુંબ અને પેઢી

શેઠ આત્મારામ ભૂખણદાસના પિતા ભૂખણદાસ વનમાળીદાસ સત્તરમી સદીની શુરૂઆતમાં અમદાવાદથી સૂરત આવ્યા. અહીં આવ્યા પછી એમની ચડતી થઈ. આત્મારામ સુરતના મોટા શાહુકારોમાંના એક હતા. હિંદના નવ મોટાં શહેરોમાં એમની પેઢી ચાલતી. હિંદુસ્તાન, યુરોપ ને બીજા દેશોમાં મળી લગભગ ૫૦૦ ઠેકાણે એમની આડત હતી. મુંબઈની એમની પેઢીને ''કાકા પારેખની પેઢી'' તરીકે ઓળખવામાં આવતી. મોટા મોટા નવાબો, રાજાઓ, ગાયકવાડ, પેશવા તથા બી.બી.સી.આઈ. રેલવે કંપની, એ સૌ જરૂર પડયે એમની પાસેથી નાણાં લેતા.

છેલ્લા બાજીરાવ પેશ્વાએ રૂ. પાંચ લાખ એમની પેઢીમાં અનામત મૂકેલા. અંગ્રેજોએ જયારે પેશ્વાને હરાવ્યો ત્યારે જાહેર કર્યું કે પેશ્વાના તમામ લેણાના પોતે માલિક છે, ત્યારે એ પેઢીએ રૂપિયા પાંચ લાખ સૂરત ખાતે કંપની સરકારને હવાલે કરેલા, એના બદલામાં સરકારે એમને 'સરદાર'નો ઈલ્કાબ આપવા માંડયો, પણ એમણે માનપૂર્વક તે પાછો વાળ્યો હતો. ઈંગ્લેન્ડના ડિરેકટરોને આત્મારામ વિશેની માહિતી આપવામાં આવી, ત્યારે તેમણે એ પેઢીને માટે સોનાના બે પોપટ મોકલ્યા હતાં અને એક આભારદર્શક પત્ર પણ લખ્યો હતો.

ગાયકવાડ સરકારે એમને માકણા નામે ગામ પણ ઈનામમાં આપ્યું હતું. પેશ્વાને ગાયકવાડે એમને પાલખી તથા મશાલનો હક આપ્યો હતો.

આત્મરામ ભૂખણની પેઢીની ખ્યાતિ એટલી બધી હતી કે, 'આત્મારામ ભૂખણની હૂંડીના રૂપિયા તે ઝાડ પણ આપે' એવી કહેવત પડી ગઈ હતી.

ફ્રેન્ચ અને અંગ્રજો વચ્ચે હજીરામાં લડાઈ થઈ તેમાં ઘણા અંગ્રજો માર્યા ગયા તેમના વંશવારસો વર્ષો પછી નાણાં લેવા આવ્યા, તેમને પણ પેઢીએ પોતાને ત્યાં મૂકેલા અંગ્રેજોના નાણાં પાઈએ પાઈ ચૂકવી આપ્યા હતાં.

સૂરતમાં એમના ઘરને પેઢીની આસપાસ ફરતો કોટ બંધાવી લેવામાં આવ્યો હતો અને ઘરમાં ધન ભરવાને બેવડાં ત્રેવડાં ભોંયરા હતા. આવા ભોંયરાને લીધે જ મરાઠાઓની લૂંટ વખતે એમનુ સઘળુ ધન બચી શકયું હતું.

એમની પાસે પુષ્કળ આંગડીયા હતા અને લાખો રૂપિયાની લેવડદેવડ આ આંગડીયાની મદદથી કરતા. આત્મારામે ઘણાં ગામોમાં માલમિલકત વસાવ્યાં હતા. સૂરતમાં એમની પાસે ૨૪ ઘોડા, ૫૦ બળદો તેમ જ ગાડી અને પાલખીઓ વગેરે હતાં. એઓ ગરીબોની ઘણી મદદ કરતા, ઘણા કૂવાઓ ખોદાવ્યા હતા. વર્ષમાં બે વાર સમગ્ર બ્રાહ્મણોનો ભંડારો કરતા. સુડતાળો કાળ પડયો ત્યારે દરરોજ ૧૦૦ થી ૧૫૦ લાડુ ગરીબોને વહેંચતા અને એ દરેક લાડુમાં એક રૂપિયો મૂકી ગુપતદાન કરતા. ગાડીમાં ફરવા નીકળતા ત્યારે પણ ગરીબોને કંઈ ને કંઈ આપતા જ. કોઈ પણ માણસ એમને દ્વારેથી કદી ખાલી હાથે નિરાશ થઈ પાછો ફરતો જ નહિ. આથી કોઈ વધારે પડતી ઉદારતા બતાવે તો તે માણસને 'આ તો આત્મરામ ભૂખણદાસનો દીકરો છે' એમ આજે પણ મશ્કરીમાં કહેવાય છે.

૧૮૩૭ની ભયંકર આગમાં એમની દોલત અને દફતર વગેરે પેઢીઓમાંથી ખસેડીને, એક મુનિમને ત્યાં લઈ જવામાં આવ્યં હોવા છતાં ત્યાં પણ તે આગમાંથી બચી શકયા નહિં. પણ બીજા શહેરોમાં પેઢીઓ ચાલતી હતી, એટલે નાણાવટની દુકાન કાયમ રહી અને પાછુ બધું થાળે પડી ગયું. એ કુટુંબે જ 'હિંદુ ચેરીટી ફંડ'માં મોટી રકમ ભરી હતી ને એ ફંડની શુરૂઆત એમણે જ કરી હતી.

આત્મારામે ઈ.સ. ૧૮૪૦માં આગળ પડી સારી આંટ મેળવી. કેટલાક અંગ્રેજો લાંચ રૂશ્વતથી નાણાં મેળવતા, તે પોતાની પાસે રાખે તો પકડાઈ જવાય,

એ બીકે શરાફી પેઢીમાં મુકતાં અને વિલાયત જતાં ત્યારે કેટલીક રકમ બક્ષિસ આપી નાણાં લઈ પોતાને દેશ જતા. અંગ્રેજોમાં પ્રથમ આત્મારામની શાખ ઘણી વધી, ને એ પઢી ભાંગી ત્યાં સુધી એની શાખ એવી જ રહી. એનો પૈસો સુમાર વગરનો કહેવાતો.

અંગ્રેજોનું જોઈ ફ્રેન્ચોએ પણ એમને પોતાના શરાફ કરવાની માંગણી કરી, પણ બંને જગ્યાએ પહોંચી નહિ વળાય, આમ ધારી ના પાડી. એમ કહેવાય છે કે આત્મારામના એક દીકરા દુર્લભદાસને ફ્રેન્ચોએ કેટલીક લાંચ આપીને, અંગ્રેજ તરફથી ખસીને પોતાના તરફ લેવા માટે ઘણું કર્યું હતું, પણ તેમાં તેઓ ફાવ્યા નહિ.

આત્મારામનું આવસાન ૧૯૫૬માં થયું. એટલે એમનો વડો પુત્ર દુર્લભદાસ પેઢી પર બેઠો, પણ તેની રીતભાત સારી ન હતી. એક વાર નવાબ એના પર બહુ ગુસ્સે થયો અને એક દિવસ સાંજે છ વાગે તેને પકડી લાવવા હુકમ કર્યો. નવાબના સીપાહિઓ તેના ઘર ફરતે ફરી વળયા. દુર્લભરામ છાપરે છાપરે કૂદીને કોઈના ઘરમાં ભરાઈ ગયો. ઘરનાં બૈરાં છોકરાં ગભરાયા પણ એનાં પત્ની ગુલાબ શેઠાણીએ બારણે આવી સિપાઈઓને કહ્યું કે આ બધું શું છે? જમાદારે કહ્યું કે શેઠને પકડવાનો હુકમ છે. અમે તેમને માનપૂર્વક લઈ જઈશુ. શેઠાણીએ જમાદારને ઘરમાં બોલાવી બસ્સો સોનામહોરની થેલી આપી અને કહ્યું કે એ તો બહારગામ ગયા છે. નવાબ સાહેબને કહેજો કે ગામથી આવશે એટલે હાજર થશે. જમાદાર ચાલ્યો ગયો.

બીજો દિવસે બે હજાર સોનામહોર રૂપાના થાળમાં ભરી દુર્લભદાસ નવાબ પાસે ગયા ને ભેટ મુકી કહ્યું : “હું આપનું બાળક છુ. મારો કે ઉગારો.” નવાબે ગુનો માફ કર્યો અને શાલ–પાઘડીનો સરપાવ આપી ઘેર મોકલ્યા.

એ કુટુંબનો સ્ત્રી વર્ગ શીલવંત ને સાહસિક હતો. ગુલાબબાઈને કારણે જ એ કુટુંબના પુરુષોને આફતાબગીરી મળી હતી. તે નવાબ સાથે ઘણી વખત હિંમતથી વાત કરતી અને નવાબ પણ એની બહાદુરીના ઘણાં વખાણ કરતો.

**એમના હાલના વંશજો ભુખણવાલા અટકથી ઓળખાય છે.**

# સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરતના આધસ્થાપક

શ્રી ચૂનીલાલ ઘેલાભાઈ શાહ (૧૮૬૬–૧૯૧૮)

જન્મ : સૂરતમાં દશા પોરવાડ વણિક જ્ઞાતિના એક મધ્ય સ્થિતિના કુટુંબમાં સન ૧૮૬૬મા. એમના પિતા સરકારી માધ્યમિક શાળામં શિક્ષક હતા. નોકરી અંગે એમને બહારગામ રહેવાનું થતુ. તેમાં મોટો ભાગ ગોધરામાં ગાળ્યો હતો. એટલે શ્રી ચૂનીલાલનો ગુજરાતી અભ્યાસ બહારગામ થયેલો, અંગ્રેજી શિક્ષણ સૂરતમાં લીધેલું.

અભ્યાસ : એમના વિદ્યાભ્યાસ દરમ્યાન તે વખતના સરકારી હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી ઉત્તમરામ નરભેરામની તેમના પર બહુ મમતા હતી. શ્રી શાહે અભ્યાસ દરમ્યાન ઠેઠ સુધી શિષ્યવૃત્તિ મેળવી હતી. મેટ્રિક પરીક્ષા પાસ કરી, તેઓ વડોદરા કૉલેજમાં જોડાયા, પહેલાં વર્ષમાં દૈવયોગે નિષ્ફળ થયા, તેથી અભ્યાસ છોડી દેવો પડયો. પણ એમની સરસ્વતી ઉપાસના તો ચાલુ જ રહી.

પ્રવૃત્તિ : એમના મિત્ર શ્રી જેકિશનદાસ અઠ્ઠાવાળાના હાર્દિક સહયોગથી તેમણે સૂરતમાં ઓછો ખર્ચ કરી અંગ્રેજી કેળવણી આપવા માટે એક સુંદર યોજના ઘડી કાઢી. તેમની ધગશ, અવિરત પ્રયત્ન, સહિષ્ણુતા અને સહનશીલતાના ઉત્તમ ગુણોથી જ આજે સૂરત કેળવણીના ક્ષેત્રમાં ઊંચુ સ્થાન ભોગવી રહ્યાં છે.

સને ૧૮૮૮માં અંગ્રેજી પાંચમાં ધોરણ સુધીની એક શાળા સરકારની ગ્રાંટ ની અપેક્ષા વિના ચાલુ કરી. અગિયાર વિદ્યાર્થીઓથી શરૂ કરેલી એ શાળામાં આજે હજારો વિદ્યાર્થીઓ ભણી રહ્ય છે. શરૂઆતમાં શાળાની આર્થિક સ્થિતિ ઘણી નબળી હોવાથી

શાળાના શિક્ષકો મતભેદ પડતાં છૂટા થયા અને તેમણે બીજી નવી શાળા સ્થાપી છતાં શાળાની વિકટ સ્થિતિમાં ચાર શિક્ષકો શ્રી ચૂનીલાલ શાહની પડખે ઊભા રહ્યા. તેમણે ધૈર્ય અને હિંમતથી શાળા ટકાવી રાખી.

પોતાના ઉત્સાહી યુવાન મિત્ર શ્રી અટ્ટાવાળાના અકાળ અવસાનથી શાળા સંચાલનનો તમામ ભાર શ્રી શાહાંને માથે આવી પડયો. તે વખતે પણ એઓ દ્રઢ નિશ્ચયી રહ્યા ને હિંમત હાર્યા નહિ. આવી પડેલી આફતોને વટાવી જવામાં જ પુરુષાર્થ ને શ્રેય રહેલું છે એમ સમજી બેવડા પ્રયત્નોથી એઓએ પુરાુષાર્થ ચાલુ રાખ્યો. સને ૧૮૮૮ થી ૧૯૦૬ સુધીનાં ૧૮ વર્ષની સરેરાશ આવક તરીકે માત્ર માસિક રૂ. ૨૦ (વીશ) જેટલી નાની રકમથી જ તેમણે સંતોષ માન્યા હતો. આવો આત્મભોગ આપનાર વ્યકિત વિરલ જ હોય છે.

તેમના પ્રયત્ન અને ઈશ્વર કૃપા વડે શાળા દિનપ્રતિદિન પ્રગતિ કરતી થઈ. એ દરમ્યાન પૂનાની ડેકકન એજયુકેશન સોસાયટી જેવી સંસ્થા સૂરતમાં સ્થપાય એવો આદર્શ એમણે સેવ્યો. એમના એ મનોરથને સિદ્ધ કરવામાં તેમને અનેક પ્રેરણાવાન અને સેવાભાવી મિત્રોનો સાથ મળ્યો. તે પછી ૧૯૧૨માં સાર્વજનિક એજયુકેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવી અને પોતે મંત્રી તરીકે કામ કરવા લાગ્યા. પોતાના અત્યંત પરિશ્રમથી ઉછરેલી અને વિકસાવેલી શાળા કોઈ પણ જાતની આર્થિક આશા રાખ્યા વિના સોસાયટીને સોંપી દીધી. આ શાળાના વિકાસ માટે એમને શારીરિક અને માનસિક ભોગ આપવા ઉપરાંત આર્થિક આશા ન રાખવા છતાં ઊલટું એક સમયે પોતાનાં પત્નીનું સ્ત્રીધન પણ વેચીને શાળાની આર્થિક મૂંઝવણનો ઉકેલ આણવો પડયો હતો.

એક નાની સરખી શાળામાંથી ઊગી નીકળેલું સોસાયટીનું વૃક્ષ આજે અનેક દિશામાં ફુલ્યુફાલ્યુ છે. તેમાં શ્રી ચૂનીલાલ શાહની ચેતના, નિઃસ્વાર્થ અને ત્યાગ જેવી ઊંચી ભાવનાએ કોઈ અજબ રંગ પૂર્યા છે.

મહત્ત્વાકાંક્ષી અને પુરુષાર્થી માણસ શું નથી કરી શકતો? સૂરતમાં કૉલેજ સ્થપવા માટે શ્રી શાહે તનતોડ પ્રયત્ન આરંભ્યો. સરકાર અને યુનિવર્સિટી સાથે મંત્રણા ચલાવી. મિત્રોની સહાયથી સૂરત–મુંબઈના ધનિકોની મદદ મેળવી. જૂન ૧૯૧૮માં સૂરતમાં કોલેજ શરૂ કરાવી. એઓ કૃતાર્થ થયા ને પોતાની આ અતિપ્રિય મહત્ત્વાકાંક્ષાને સુવર્ણ કળશ ચઢાવ્યો. આ પછી થોડા જ વખતમાં તા. ૨૩મી ઑકટોબર ૧૯૧૮ને દિને તેઓ શ્રી દેવલોક પામ્યા.

તેમની નાજુક તંદુરસ્તી અને એકવડું શરીર છતાં મનોબળ અને આત્મબળ ઉત્કટ હતા. વ્યવસ્થા અને શિસ્ત ને તેમના જીવનમાં મુખ્ય અંગ હતા. ગમે તેવા વિરોધના વંટોળમાં પોતાની સાત્ત્વિક છાપ પાડવામાં શ્રી શાહ જેવી અદભુત વ્યકિત આજે બહુ ઓછી હશે. તેઓ એક આદર્શ શિક્ષક હતા. એઓ જાહેર પ્રજાનાં નાણાંનો જરા જેટલો પણ દુરુપયોગ કરતા નહિ અને કરવા દેતા પણ નહિ. શાળા ને સોસાયટીન કામ અંગે વાહનનો ઉપયોગ કરી ભાડું ખર્ચતા નહિ પણ ચાલતા જવાનું પસંદ કરતા.

આવી અનુપમ સેવા કરવા છતાં એઓ માનના ભુખ્યા ન હતા. સરકારે તેમને ''કેસરે હિંદ'' ઈલ્કાબ આપ્યો, ત્યારે તેમના મિત્રો ને પ્રશંસકોએ તેમને માન આપવા સન્માન સમારંભ ગોઠવવા પ્રયત્ન આરંભેલો પણ શ્રી શાહે આગ્રહ કરીને તે અટકાવ્યો હતો.

એમની દશાપોરવાડ વણિક જ્ઞાતિએ એમને માનપત્ર આપવા નકકી કર્યું. ત્યારે એમણે સ્પષ્ટ કહ્યું કે ''મેં મારી ફરજ બજાવી છે ને તેને બદલો મને મળી ગયો છે. હું મારો ધર્મ ગજાવું તેમાં વિશેષતા શું છે? મને માનપત્ર આપી ઊલટો મને ખિન્ન ન કરશો.'' આવો ત્યાગી શારદાસેવક તો વિરલ જ મળે.

સૂરતની જનતાએ સૂરતના નગીનચંદ હોલમાં શ્રી શાહનું સુંદર તૈલચિત્ર મૂકીને સદગત પ્રત્યેની પ્રેમ અને માનની લાગણી વ્યકત કરી છે.

આજે સાર્વજનિક ઍજયુકેશન સોસાયટી પાસે અનેક શાળાઓ છે. કલા અને વિજ્ઞાનનાં મોટા મંદિરો છે. વિવિધ કૉલેજો છે. એ સર્વમાં એના આદ્યસ્થાપક શ્રી


VASTRA™
THE FACTORY STORE
SAREES • DRESS MATERIAL • DUPATTAS
WE ARE MOVING TO
BIGGER
&
BETTER
PLACE
From 1st April 2021
@ M-23, 1st Floor,
RANGEELA PARK,
Ghod Dod Road, Surat
Tel.: +91 7575007089
Powerd by
YOGANAND
GROUP


|| શ્રી ગણેશાય નમઃ ||
ESTD. : 1987
Gopal
Famous in Quality Product
ENVELOPES
Shreeji
BRAND
Mfg. All type of Envelopes
ESTD. : 1987
" Customer Satisfaction is our Motto "
House of Speciality Envelopes...
Office Stationery Envelopes, White, Kraft, Buff, Buff Lamination, Lazer Lamination, Lazer Cloth, Polynet Envelopes, Xray Cover, Laboratory Plastic Cover, Silver Gray & White P.V.C. Plastic Cover Use in Textile Market
We also make the Envelopes by labour Work as a printed in any type of Art & Fancy Paper and any Tender Work for Envelopes...
Space Crreation - 98797 69040
Basement, Vijay Chambers, Chowki Sheri, Saiyedpura, SURAT-395003.
Tel. : (O) 0261-2425873 / 2425874 Mo. : 89805 50217

# કોરોનાના રીપોર્ટ અંગે થોડુક...

આ માહિતી ફક્ત મેડીકક સાયન્સમાં રસ ધરાવતા હોય અને જાણકારી મેળવવાની ઈચ્છા હોય તેમના માટે છે. કોઈકે સરસ રેફરન્સ સાથે આપી છે જે રજુ કરેલ છે.

કોરોનાના જુદા જુદા રિપોર્ટ અને ટેસ્ટ અંગે પ્રાથમિક સમજ.

કોરોના થાય પછી ડોકટર ઘણાં રીપોર્ટ કરવાનું કહે છે. આ બાબતે ઘણી મૂંઝવણ લોકોમાં રહેતી હોય છે. એ મૂંઝવણ દૂર કરવા સરળ ભાષામાં આં લેખ લખવા પ્રયાસ કર્યો છે.

**1) CT Value** મિત્રો જે લોકો હમણાં RT-PCR  ટેસ્ટ કરાવે છે, તેમનો રિપોર્ટ પોજીટીવ હોય તો તે રિપોર્ટમાં CT Value લખેલી હોય છે. કોઇની 7 કોઇની 17 કોઇની 28.  ઘણા લોકો આ વેલ્યૂના આધારે ડોકટરો સાથે દલીલમાં પણ ઉતરતા હોય છે. ઘણા લોકો આ વેલ્યૂને 100માંથી મળતા માર્કસ સાથે પણ સરખાવતા હોય છે.  એટલે CT વેલ્યુ ને લઈને ઘણી ગેરમાન્યતાઓ છે. CT વેલ્યુ એટલે શું?  સાયકલ થ્રેશોલ્ડ વેલ્યૂ. તમારા ગળા કે નાકના જે ભાગમાંથી જે સેમ્પલ લીધું છે, તે સેમ્પલમાં વાયરસનો જથ્થો કેટલો હોય શકે તેનું એક અનુમાન માત્ર છે. મિત્રો આ વાયરસ અતિસૂક્ષ્મ એવા RNAનો બનેલો છે, આપણાં મશીનો સીધી એની હાજરી પારખી ના શકે. એટલે RT-PCR ની લાંબી લચક અને જટિલ પ્રક્રિયા કરી તેને DNA માં ફેરવવામાં આવે છે. (1993ના વરસનું કેમેસ્ટ્રીનું નોબલ પ્રાઈઝ PCR એટલે કે પોલીમરેઝ ચેઇન રીએકશનના ફાળે જ ગયું હતું)  જેથી આપણાં મશીન એના જેનેટિક સિકવન્સ વાંચી શકે. હવે સેમ્પલમાં ઓછો વાયરસ હોય તો મશીને તેની હાજરી પકડવા વધારે સાયકલ ચલાવવી પડે અને વધુ વાયરસ હોય તો ઓછી સાઇકલમાં એ પકડાઈ જાય. CT વેલ્યૂ 26નો મતલબ છે કે 26 સાયકલ ફેરવ્યા પછી વાયરસ હાથે લાગ્યો, 3 નો મતલબ એમ છે કે સાવ ત્રણ જેટલી ઓછી સાયકલ ફેરવીને વાઇરસ એ સેમ્પલમાં પકડાઈ ગયો.હવે આ રીતે સમજો તમને ઘરે કોઈ કામ છે અને બાજુમાં મેળો ભરાયો છે. તમને થોડા માણસોની જરૂર છે અને એની શોધમાં તમે મેળા તરફ જાઓ છો. મેળામાં ભીડ હશે તો તમારા કામના માણસો શોધવા બધુ ચાલવું નહીં પડે. ઓછા ડગલામાં તમને તરત માણસ મળી જશે પણ મેળામાં ભીડ નહીં હોય તો કામનો માણસ શોધવા તમારે વધારે ડગલાં ચાલવું પડશે. એટલે કે CT વેલ્યુ વધુ મતલબ મશીનને જે તે સેમ્પલમાં  વાયરસ શોધવા થોડી ઓછી મહેનત કરવી પડી અને વેલ્યૂ ઓછી મતલબ કે સેમ્પલમાં તરત વાયરસ મળી ગયો.  પણ મિત્રો આ CT વેલ્યૂ જોઈને કોઈ ચિંતા પણ ના કરવી કે હરખાવવું પણ નહીં! કેમ કે આ જે  તે સેમ્પલની વેલ્યૂ છે.  શક્ય છે એ જ દિવસે સાંજે એ જ વ્યક્તિનું બીજું સેમ્પલ લો તો આ વેલ્યૂ માં ફરક આવે. ઘણા લોકોને CT વેલ્યૂ વધુ આવી હોય તો પણ સ્થિતિ ગંભીર હોય છે , ઘણાને ઓછી હોય તો પણ વ્યક્તિ સાજો હોય. આ CT વેલ્યુ પાછળ સેમ્પલ લેવાની પદ્ધતિ, જે રીતે સેમ્પલ ટ્રાન્સપોર્ટ થયું છે ઉપરાંત ટેસ્ટિંગ કરનારની દક્ષતા વગેરે પણ અસર કરતાં પરિબળો છે. આ શાકમાં મીઠા જેવુ છે. હવે શાકમાં મીઠું ના હોય અને તમે પાછળથી ઉમેર્યું અને હલાવવાનું ભૂલી ગયા, તો મીઠું ભભરાયું હશે ત્યાથી ચાખશો તો શાક ખારું લાગશે અને બીજી તરફથી ટેસ્ટ કરશો તો મોળું લાગશે.  વાયરસની સેમ્પલિંગમાં પણ આવું થઈ શકે. એટલે ટૂંકમાં CT Value તરફ જોવાનું માંડી વાળો. RT PCR ટેસ્ટ એ ફક્ત વાયરસની હાજરી શરીરમાં છે કે નહીં એ જ કહી શકે છે. એ શરીરમાં કેટલો ફેલાયો છે એટલે કે વાયરલ લોડ અંગે ચોક્કસ જાણકારી આપતો નથી. બીજું RT PCR માં સેમ્પલિંગ કે ટેક્નિક યોગ્ય ના હોય તો વાયરસની હાજરી હોય તો પણ ટેસ્ટ નેગેટિવ આવી શકે છે. જેને ફોલ્સ નેગેટિવ કહે છે. એટલે આ ગણિત સમજાય એટલું સરળ નથી.

**2) CT  Sevirity  Score** આ સ્કોર આપણને ડોકટરે પ્રિસ્ક્રાઈબ કરેલા CT  Scan પરથી મળે.  તમે જોયું હશે 25 માંથી આ સ્કોર આપવામાં આવે છે. રેડિયોલોજિસ્ટ ફેફસાની ઇમેજ જોઈને આ સ્કોર આપે છે.  આ સ્કોર નક્કી કઇ રીતે થાય છે? આપણી પાસે બે ફેફસાં છે. તેમાં જમણા ફેફસાંમાં ત્રણ અને ડાબા ફેફસામાં બે લોબ છે.

સાદી ભાષામાં કહું તો ફેફસાંને કબાટ ગણીએ તો જમણા ફેફસાંમાં ત્રણ ખાના છે અને ડાબામાં બે ! કુલ થયા પાંચ ખાના ! આ પાંચ ખાનાઓના પાંચ માર્ક છે અને કુલ માર્કસ પચીસ થાય! હવે એ જોવે છે કે કયા ખાનામાં વાયરસની કેટલી અસર છે. જો ખાનામાં 5 ટકા કરતા ઓછી અસર હશે તો એને 1 માર્ક આપશે અને 75 ટકાથી વધારે અસર હશે તો એને 5 માર્કસ મળશે. આવો સ્કોર દરેક ખાનાનો મપાય છે અને એના આધારે 25માંથી કુલ સ્કોર આવે છે. જો સરવાળો આઠથી નીચે હોય તો હળવી અસર , આઠ થી પંદરની વચ્ચે હોય તો મધ્યમ અને 15થી વધુ હોય તો થોડી અસર વધુ કહેવાય. રિપોર્ટમાં વાયરલ ન્યુમોનિયાની અસર છે એવું લખાઈને આવે ( કારણ કે કોરોના વાઇરસની હાજરી સીટી સ્કેનમાં ખબર ના પડે પણ સ્કેનમાં ચોક્કસ ક્લાસિક ફીચર જોઈને કોરોનાની સંભાવના વ્યકત કરવામાં આવે છે). સામાન્ય રીતે ચેપ લાગ્યાના થોડા દિવસ પછી આ સ્કેન કરવામાં આવે છે અને ફેફસાંની સ્થિતિનો સુધારો જોવા લગભગ 3 અઠવાડિયા પછી સ્કેન જોવામાં આવે છે. જો કે આ સ્કોર એકલો કોઈ ટ્રીટમેન્ટ માટે કાફી નથી, અન્ય ક્લિનિકલ અને પેથોલોજિકલ પેરામીટર્સ પણ સાથે જોવા પડે અને પેશન્ટને એડમિટ કરવો કે હોમ આઇસોલેશનમાં રાખવો કે દવા કેવી રોતે આપવી એ માત્ર કેસ હેન્ડલ કરતાં ડોકટર જ કહી શકે. આ સ્કોરથી પેશન્ટે ગભરાવાની જરૂર નથી. આ સ્કોર ડોકટર ને ગાઈડ કરવા માટે હોય છે. આપણે કોવિડની પેથોલોજિકલ સ્થિતિ જાણવા માટે કરવામાં આવતા ટેસ્ટ કે બાયોમાર્કર્સ વિશે વાત કરીશું.

**3) CRP CRP** એટલે સી રીએક્ટિવ પ્રોટીન. શરીરમાં કોઈ ચેપ લાગે એટલે શરૂઆતના તબક્કામાં CRP વધે. CRP પહેલા 6 થી 8 કલાકમાં વધે અને 48 કલાકની અંદર 300 – 350 mg/l જેટલું પ્રમાણ શરીરમાં થઈ શકે છે. (ઉત્સવ) કોરોનાના આક્રમણને ખાળવા જ્યારે આપણી રોગ પ્રતિકારક શક્તિ ઘાંઘી થઈ જાય અને ફેફસાં અને અન્ય સાજા કોષને નુકશાન પહોચડવાની શરૂઆત કરે ત્યારે CRP લેવલ વધવા લાગે. CRP એ ઇન્ફ્લેમેશન માર્કર છે.

**4) D-Dimer** ઘણા લોકોને ડોકટર D-Dimer ટેસ્ટ કરવાની સલાહ આપે છે. પહેલા સમજીએ D-Dimer શું છે? તમે જોયું હશે કે આપણને ક્યારેય વાગે તો થોડી જ ક્ષણોમાં લોહી જામવાનું શરૂ થઈ જાય. બ્લડ ક્લોટિંગ કહેવાય એને જેથી શરીરમાંથી વધુ લોહી વહેતું અટકી જાય છે. થોડા સમયમાં એ જામેલો લોહીનો ગઠ્ઠો પણ વિસર્જિત થવા લાગે છે. આ સમયે જ D-Dimer લોહીમાં રીલીઝ થાય છે. અતિ ઉત્સાહી રોગ પ્રતિકારક શક્તિના પ્રતાપે શરીરની અંદર ક્યારેક લોહીના ગઠ્ઠા બનવાની અને તૂટવાની શરૂઆત થાય છે. D-Dimer થી આપણને આ પ્રક્રિયા થઈ રહી છે તેની જાણ થાય છે અને ડોકટર ત્યાર બાદ લોહી પાતળું કરવા માટે ટ્રીટમેન્ટ આપે છે.

**5) Ferritin** નામ પરથી જ ખબર પડે છે કે ફેરિટીન એક પ્રોટીન છે જે શરીરમાં લોહતત્વ કે આયર્નને જાળવે છે. આપણે જે ખોરાક લઈએ તેમાંનું થોડું આયર્ન લાલ રક્ત કણો કે RBC બનાવવામાં વપરાય છે અને બાકીનું Ferritin સ્વરૂપે લીવર, મસલ્સ અને સ્પ્લીનમાં સચવાય છે. શરીરની ઇમ્યુનિટી ઓવર એક્ટિવ થવાથી શરીરના સાજા કોષને નુકશાન થવાનું શરૂ થાય છે. આ કોષમાં નુકસાન થવાને લીધે અંદર સચવાયેલું ફેરિટીન રીલીઝ થાય છે અને તેનું વધતું લેવલ પણ વાયરસના લીધે શરીરમાં કેટલો ઉત્પાત મચે છે એના વિશે જાણકારી આપી શકે છે. ઉપરોક્ત માહિતી સ્ત્રોત, વિજ્ઞાન અને અનુભવના આધારે જનહિતમાં લખવામાં આવી છે. લખાણનો હેતુ અઘરા નામોને લઈને દર્દીઓમાં થતો મુંઝારો વિજ્ઞાનથી દૂર કરવાનો છે. આ જાણકારીના આધારે કોઈ જાતનો મેડિકલ ઓપીનિયન જાતે બાંધવો નહી કે આપવો નહીં. ટ્રીટમેન્ટ કરનાર ડોકટર વર્ષોના અનુભવ અને અન્ય ક્લિનિકલ કન્ડિશનના આધારે તેમજ સરકારની ગાઈડલાઇન્સ મુજબ જ નિર્ણય લેતા હોય છે.

**Shipra®**
Always First
Enterprise
(Khandwalla Group-Since 1988)




CONTACT FOR DETAILS:
"Prash", Khandwalla Estate, Nr. Parle Point,
Athwalines, SURAT - 395 007.
Ph.: 0261-2228209 / 2259200
Mo.: +91-99250 14478, +91-99250 14403
Email : info@shipraenterprise.com
Web.: www.shipraenterprise.com


SVVP ની એક પહેલ business forum માં ધંધા અને વ્યવસાય સાથે જોડાયેલા 235 વ્યક્તિઓની યાદી તેમના ધંધા ની વિશેષતા, કુશળતા, સંપર્ક સાથે આ લીંક પર આપેલ છે, આપણા જ પરિવારના વ્યક્તિઓને સહકાર આપી સંગઠન વધુ મજબૂત બનાવીએ.

https://bit.ly/3lirEXp

**આપના ધંધાના વિકાસ માટે આપ બિઝનેસ ફોરમમાં જોડાવા ઈચ્છતા હો તો જરૂરથી સંપર્ક કરો**

**ચેતન શેઠ – મો : ૯૮૨૫૧ ૬૦૭૪૮**




FED UP WITH CORROSION?
DISAPPOINTED WITH YOUR RUSTING SHED?

**"For best in industry corrosion free Roofing Sheets"**

Contact : Monil Shah- 9737743444
Nilesh Shah - 9824153830
Email : info@steeltrading.in

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP

**MBS Aluminiun Industries Pvt. Ltd.**

HEAD OFFICE :
NEAR KRISHNA PETROL PUMP, UDHNA MAIN ROAD, SURAT-395002, GUJARAT, INDIA.

FACTORY :
PLOT NO. 605, GATE NO. 1, NR. POLICE STATION, GIDC SACHIN, SURAT-394230, GUJARAT.

OFFICE :
(0261) 2324869 / +91 7575882332

SALES & MARKETING :
+91 96241 04333 / +91 8238404777

WEBSITE :
www.steeltrading.in

**Nilay Chokhawala**
+91 98798 22201

**Chokhawala Distributors**

4/2509, Nani Begumwadi, Nr. Mukti Dham Temple, Salabutpura,
SURAT - 395 003. Phone : 0261-2320522, 2336389
E-mail : info@chokhawala.com

---

**J.KORIN**

Himanshu Jariwala +91-98251-16161

502-503, UNION TRADE CENTER,
UDHNA DARWAJA, RING ROAD,
SURAT-395002, GUJARAT, INDIA.
TELEFAX: +91-261-2314400
E-mail: info@jkorin.com
hej006@gmail.com
Web: www.jkorin.com

---

***Hemal Gandhi***
Technical Manager

**PICUSTECH SOFTWARE**

78, Surat Special Economic Zone,
Sachin, Surat - 394230
India

+91-982-569-1113
www.picus.in
hgandhi@picus.in

---

IPTS

**Innov8 ProTech Solutions**
Sustainability and Management Consultant

**Joy M Shah**
B.E. (Chem.), F. CMA
Founder and Chief Consultant

3, Sarita R/H, Anand Mahal Road, Surat 395009, India.
(W) www.iptsol.com
(E) joy@iptsol.com
(M) +91 937 471 5109

---

**JATIN KANUBHAI SHAH**
(Guj. Rera Regd. Broker)
NAR India Member

Surat Realtors Association
(joint Secretary)

**SIDDHI VINAYAK REALTORS**

Bunglow No. 26, Sangana Society,
B/s. Navyug College, Rander Road,
Surat - 395 009, Gujarat

+91 92279 05111
jatin_shah5151@yahoo.com

---

*Shwetang S. Sheth*
B.Com., CFP^CM

**Palm Grow Investments**
Financial Planning & Investment Advisory

207, River Palace, B-Wing, Beside Navdi Ovara,
Nanpura, Surat - 395 001, Gujarat, INDIA.
Mobile: +91 96876 10900
E-mail : shethshwetang@gmail.com

---

*D. C. Shah*
Mo. : 99250 14673

**ASHRAY INFRASTRUCTURE**
CIVIL ENGINEERS & CONTRACTORS

213, Trinnity Cyygnus, Opp. CNG Pump Station, Beside Vatsalay Banglows,
S. G. University Road, VESU, SURAT.

---

**Pragnesh Saraiya**
+91 98244 91772

**Anand Consultants**
Multipliers of Your Wealth

402, Ruchita, Nr. BOB, Athugar Street,
Nanpura, SURAT – 395 001

E. anand.wealthconsultants@gmail.com
W. anandwealthconsultants.com
M. +91 63515 20283

---

*We Help Prevent Pollution*

**Devang Gandhi**
Director Laboratories
M.Sc.,LL.B.,
PGD Env. Law, PDIS.

**POLLUCON LABORATORIES PVT. LTD.**
544, Belgium Towers, Ring Road,
Opp. Linear Bus Stand, SURAT- 3.
Ph./Fax : +91 - 0261 - 2455751, 2601106, 2601224,
(M) 093289 67090
E-mail : pollucon@gmail.com
Web : www. polluconlab.com

---

**SVVP Business forum ના સભ્યો ના visiting card સ્વપ્ન પુષ્ટિ e બુલેટિન માં મુકવામાં આવ્યા છે અને નિયમિત રીતે આવનારા અંકોમાં બધા સભ્યોના visiting card નો સમાવેશ કરવામાં આવશે.**

**ફોરમના કોઈ સભ્યનું visiting card જમા કરાવવાનું બાકી હોય તે 9913113101અથવા ઈમેઈલ suratsvvpbf@gmail.com નંબર પર જમા કરાવશો.**

# POLLUCON
## Laboratories Pvt. Ltd.

**HEAD OFFICE :**
Plot No.5/6, "POLLUCON HOUSE", Old Shantinath Mill Lane, Opp. Balaji Ind. Soc., Nr. Gayatri Farsan, Navjivan Circle, Udhana Magdalla Road, Surat-395007.
Contact No.: +91 7016605174 | 8320517819 | 7046261750

**COLLECTION CENTER :**
Vapi, Noida, Goa, Mundra, Gandhidham.

**Food | Water | Haz.Waste | Energy | Textile | Air | Soil | Biological | Fertilizer | Building Material | Oil | Noise | Coal**

NABL | MoEF | FSSAI | GPCB
ISO 9001 | OHSAS 18001




## TESTING FACILITIES

WATER : Drinking Water, Waste Water, Effluent Water, Sea Water etc.
CONSTRUCTION : Cement, Fly Ash, Concrete, Admixture, Brix etc.
HAZ.WASTE : Solid Waste, Municipal Waste, Used/Waste Oil etc.
AAQM : PM2.5, RSPM, Benzene, Benzo(a)Pyrene Noise etc.
SOLID FUEL : Coal, Cock, Bio Fuel, Proximate & Ultimate etc.
TOXIC SUBSTANCE : Pesticides, Aflatoxin, Heavy Metals etc.
TEXTILE : GOTS, OEKOTX, Blue Sign, ZDHC, Auxiliary Testing etc.
SOIL & FERTILIZER : Nitrogen, Phosphorus, Potassium, TOC, Nitrogen etc.
FOOD : Nutritional Value, Shelf Life, Adulteration, Organic Certification etc.

Mr. Madhukar Gandhi (Director) | Mr. Mahesh Lad (Director)
Dr. Devang Gandhi (Director) Cell No.: 9328967090
Mr. Harshal Gandhi (Director) Cell No.: 9328967080

Email : pollucon@gmail.com | www.polluconlab.com

THE REAL TESTING HUB



# The chocolate cake fairly

## Cakes



| | 500 G | 1 K.G. |
|---|---|---|
| VANILLA | ₹ 300 | ₹ 550 |
| BLACK FOREST | ₹ 300 | ₹ 550 |
| PINEAPPLE | ₹ 300 | ₹ 550 |
| MANGO | ₹ 300 | ₹ 550 |
| STRAWBERRY | ₹ 300 | ₹ 550 |

## Cakes



| | 500 G | 1 K.G. |
|---|---|---|
| KITKAT | ₹ 500 | ₹ 950 |
| WHITE FOREST | ₹ 330 | ₹ 610 |
| ORANGE NOUGAT | ₹ 330 | ₹ 610 |
| OREO | ₹ 400 | ₹ 750 |
| RASMALAI | ₹ 500 | ₹ 950 |

Dolly jariwala
8160713234

## Cakes



| | 500 G | 1 K.G. |
|---|---|---|
| MIX FRUIT | ₹ 370 | ₹ 690 |
| GULAB JAMUN | ₹ 450 | ₹ 850 |
| BUTTERSCOTCH | ₹ 330 | ₹ 610 |
| ROYAL CHOCOLATE | ₹ 400 | ₹ 750 |
| GREEN APPLE | ₹ 300 | ₹ 550 |
| ROYAL CHOCOLATE WITH CHOCOLATE TOPPING | ₹ 450 | ₹ 850 |



સંપૅક- દેવલ ચોકસી 9712993777

# દરેક પ્રકારના લોટ મળશે

| લોટ | ભાવ(K.g.) |
|---|---|
| ઘઉ Wheat | 35 |
| ઘઉ ગગરો Coarse Wheat | 45 |
| ફાડા લાપસી Lapsi | 45 |
| બાજરી Bajaree | 40 |
| જુવાર Jowar | 50 |
| ચણા Besan | 80 |
| ચણા ગગરો Coarse Besan | 80 |
| ઈડલી-ઈદડા idla | 80 |
| હાંડવો Handva | 80 |
| ચોખા Rice | 35 |
| મલ્ટી ગ્રેઈન Multi Grain | 55 |
| રાગી Ragi | 100 |
| મકાઈ Makki | 40 |

૯૦, સીતારામ નગર સોસા., હની પાર્ક રોડ

We Make Your Money Work For You

Tejas Shah
+ 91 98252 81095

NOOPUR INVESTMENT

305, Kinaro Apt., B/h. Chember of Commerce, Makkai Bridge, Nanpura, Surat - 395001
: info@noopurinvestment.com
: www.noopurinvestment.com

Prashant 89801 10030
Nabhag 93747 11915

DEV Stationers
School • Office • Computer Stationery
A HOUSE OF STATIONERY PRODUCTS
PRE SCHOOL SUPPLIERS
UG/4, Silver Point, Opp. Vidhya Bharti School, Bhatar Road, SURAT - 395 007. Ph.: (S) 0261-2235350

Prashant Mehta
+91 99309 17899

JYOT INDUSTRIES
Mfg. -
Tinned Copper Wire & Braids • Strands • Flexible Connectors
Plot No. 10, Vinayak Textile Park, Block No. 57 & 67, Mouje : Madhar, Taluco - Olpad, Surat-394130,Gujarat, INDIA. • Website : www.jyotindustries.com
E-mail : prashant@jyotindustries.com • Info@jyotindustries.com

Hiral Majmudar | (B. E. Civil)
98251 25552

JULKA CONSTRUCTION
WE BUILD FAITH

ENGINEER & CONTRACTOR

A/701, Shaligram Apts., Nr. TGB Restaurent, Pal, Surat - 9, Gujarat, India. | E: hiralmajmudar007@gmail.com

VILLA DECOR
Thinking Beyond Building

Rajesh Contractor
Managing Partner
98251 20209

114 - 115, Parle Point Place, Ghod dod Road, Parle Point, Surat-7, Phone : (0261) 225 4700, 225 7400
E-mail : villadecorindia@yahoo.com
Website : www.villadecor.co.in

BANYAN TREE INVEST
OWN YOUR TOMORROW

KUNAL S. DESAI
Financial Doctor
M 9537171212 / 9825313122
E banyantreeinvest@gmail.com
802, Neminath Apt. Opp. Maheshwari Bhavan, Citylight, Surat.-395007.

Rushang S. Sheth
B.E. (E&C)

Global Quality Management Consultancy
Consultant for ISO 9001, 14001, 18001, 22000, 27001 & CE MARKING
207, River Palace, B-wing, Beside Navdi Ovara, Nanpura, Surat-395 001.
Tel. : 0261-3050385, Mob : 98982 05469
Email : rushangsheth@rediffmail.com

EPABX System
Intercom System
CCTV Camera
Time / Attendance
Access Control
Video Door Phones
Security System
Home Theater
Projector System
P.A./Music System
Home Automation
Conference System

Paresh Bookseller
(Mo) 92279-01221
98251-51858

System Aids
Opp. Parsi Library, Nanpura, SURAT-395 001.
Ph.: 0261-2471141, 2474453
E-mail : systemaids@rediffmail.com

Nishithbhai Dantwala
(M) : 90990 01210
Shravan Dantwala
(M) : 98792 79014

Shreeji Car Decor
ALL TYPE OF CAR ACCESSORIES
6, Shyam Complex, B/s. Punit Stationery, Near Ayodhya Nagri, New Rander Road, SURAT - 395 009.

Since - 1988
KRISHNA CONSULTANCY SERVICES

Vipul C. Nanavati
B.A., L.L.B. (Labour Laws)
98251 25977

Chinmay V. Nanavatti
M.B.A (Finance & Human Resource)
98251 40477

Labour Management Consultancy and Adviser

# ALLEGRO
SCHOOL OF MUSIC
*Learn · Perform · Enjoy*

H.O.: 201- 202, Eco Futurz, Opp. Samarth Acquisti,
Nr. Surat Public School, New Citylight, Surat.
M. 8758175161 | 9374475825
E. vishal.musical@gmail.com

BRANCH: Shop No. 11, C-Wing, Sanai Residency,
Opp. Parsuram Garden, Nr. Gangeshwar Mahadev
Temple, Adajan, Surat. | M. 9925909955
E. bhautiknpatel9955@gmail.com

The International Examination Board
TRINITY
COLLEGE LONDON

LEARN TO PLAY

GUITAR
KEYBOARD
DRUM
PIANO
OCTAPAD
WESTERN VOCAL
BOLLYWOOD FEMALE VOCAL



Dholera Airport City
OPEN RESIDENTIAL PLOTS

WORLD'S BIGGEST &
INDIA'S FIRST SMART CITY
"DHOLERA SIR"

BOOK YOUR PLOT AT
JUST RS 1500 /- MONTHLY EMI

Smitt Group®
we care for your smile
(An ISO 9001:2015 Company)

THINK DHOLERA... THINK SMITT GROUP...
Corporate Office : U- 6 / 7, Shreeji Arcade, Anand Mahal Road, Adajan, Surat - 395009
Customer Care : 073596 22022, 0261 - 2732000, +91 93754 04622
www.smittgroup.com • smittgroup@gmail.com



સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર
SVVP - Surat

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર, સુરત.
યુ.જી. ૨૫/૨૬, એસ્કોન પ્લાઝા, ભુલકા ભવન સ્કૂલની પાછળ, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત.

www.svvpsurat.com

૫૦૦૦ કુટુંબના ૧૫૦૦૦થી વધુ
વ્યકિતઓનો પરિવાર

મેટ્રીમોનીયલ (બુધ અને શનિ) સાંજે ૪ થી ૬
લેડીઝ વિંગ
ગર્ભસંસ્કાર કેન્દ્ર
બિઝનેસ ફોરમ
નોલેજ ફાઉન્ડેશન
SVVP વરિષ્ઠ પરિવાર
સરકારી સહાય યોજના 'હેલ્પ ડેસ્ક'
વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ

ઈ-બુલેટિન

કલ્ચરલ કલબ
મુવી કલબ
કેરમ, ચેસ, ડ્રોઈંગ સ્પર્ધા
મેડીકલ ચેકઅપ અને બ્લડ ડોનેશન કેમ્પ
ક્રિકેટ ટૂર્નામેન્ટ
કરાઓકે સીંગીગ સ્પર્ધા
બિઝનેસ મેલા
આનંદ મેલા